॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥




સત્યં વદ



ધર્મં ચર

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



**પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮**

## મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ - વેદાન્તાચાર્ય

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ વૈશાખ - જેઠ, જૂન - ૨૦૨૪ અંક - ૬



**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૬ / જૂન – ૨૦૨૪ / અંક-૬

## અનુક્રમણિકા

**૦૪** શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

**૦૭** પ.પૂ. સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૯ મો નિર્વાણ જયંતિ મહોત્સવ, આકરૂ - સત્સંગ
કૃષ્ણાબેન જી. સવાણી

**૧૭** વેદાન્ત રત્નાકર
લતાબેન એ. માંગુકિયા

**૧૮** વિવેક ચુડામણી
કિરણ એમ. ભરોડિયા

**૨૦** રાજા અને કઠિયારાની વાર્તા
ગોરધનભાઈ જે. ગાબાણી

**૨૨** સત્સંગ સમાચાર

॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
**પાર્થ પ્રિન્ટ પોઈન્ટ, ૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ, માનગઢ ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬.**

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી**
**શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા**

## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧, કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦**

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

# શ્રીમદ્ ભાગવત કથામૃત


કૃષ્ણાબેન એ. બેલડિયા
(વલ્લભીપુર)

## પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ

(ગતાંકથી ચાલુ)

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्॥ २३॥**
**इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा।**
**क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम्॥**७-५-२३-२४

હિરણ્યકશિપૂએ કહ્યું, 'કયું ભણવાનું સારું લાગે?' તો પ્રહ્‌લાદે કહ્યું, 'નવધાભક્તિ કરવી એ મને ઉત્તમ ભક્તિ લાગે છે. એજ સાચું ભણતર છે. બીજું બધુ તો પેટ ભરવાનું ભણતર છે.' કેમ કે સાચું ભણ્યા ન હોય ને બીજું બધુ ભણ્યા હોય તો છેલ્લે બધુ નકામું જાય છે.



**દૃષ્ટાંત :** એક ડૉકટર થયેલો હતો ને એક ઈજનેર થયેલો હતો ને એક આર્ટીકલ થયેલો હતો જે ચિત્રો બનાવી શકે. ત્રણે એક દિવસ દરિયામાં નાવમાં બેઠા. નાવમાં બેઠા પછી નાવિકને પૂછયું, 'તું કંઈ સાહિત્ય-સંગીત કે મેડીકલ કે કંઈ બીજુ ભણ્યો છે ?' તો પેલો કહે, 'ના, મને મેડિકલનું કશું જ આવડતું નથી.' તો પેલો કહેવા લાગ્યો, 'તારી ચાર આનાની જીંદગી નકામી ગઈ.' બીજો ઈજનેર કહેવા લાગ્યો, 'તને કંઈ સાયન્સ આવડે છે ?' પેલો કહે, 'મને કંઈ આવડતું નથી.' ઈજનેર કહે, 'તારી બીજી ચાર આનાની જીંદગી નકામી ગઈ.' ત્રીજો કહે, 'તને ચિત્રકલા કે કંઈ આવડે છે ?' પેલો કહે, 'ના, એ પણ મને નથી આવડતું.' તો એણે કહ્યું, 'તારી બીજી ચાર આનાની જીંદગી નકામી ગઈ.' થોડીવારમાં નાવ આગળ ગઈ ને પવન ફૂંકાવા લાગ્યો. વાવાઝોડું આવ્યું ને આખી નાવ પાણીથી ભરાઈ ગઈ ને ડોલવા લાગી. ત્યારે પેલા નાવિકે પૂછયું, 'તમને તરતા આવડે છે?' તો પેલા કહે, 'ના, અમને તરતા આવડતું નથી.' તો નાવિક કહે, 'મારી તો બાર આનાની ગઈ પણ તમારી તો સોળે-સોળ આનાની જીંદગી નકામી ગઈ.' એટલે નાવિક નાવ છોડીને સામે કાંઠે ચાલ્યો ગયો. આ ત્રણેય દરિયામાં ડૂબી ગયા. આ દ્રષ્ટાંત બતાવ્યું.

એમ તમે જો ભગવાનની ભક્તિ નહીં ભણ્યા હો ને બીજું બધુ ભણ્યા હશો. છતાં મરશો ત્યારે બીજું કંઈ સાથે આવવાનું નથી. કેમકે બીજુ ભણીને તો પૈસા જ કમાવાના છો ને પૈસા મરો ત્યારે કંઈ સાથે આવતા નથી. એટલા માટે મનુષ્યે આત્માનું જ્ઞાન, પરમાત્માનું જ્ઞાન, ભક્તિનું જ્ઞાન, ધર્મનું જ્ઞાન લેતું રહેવું જોઈએ. કેમકે એજ માનવને સાથે આવે છે. પુણ્ય કર્યા હશે ભક્તિ કરી હશે તો સાથે આવશે. ને બ્રહ્મજ્ઞાન હશે તો બ્રહ્મરૂપ થઈ જશો. જો એ જ્ઞાન ન હોય તો..... **''જ્ઞાને ન હિના, પશુભિઃ સમાના'** તો નવ પ્રકારની ભક્તિ સંભળાવી. ધ્યાનથી સાંભળો. ભણતરમાં ભક્તિ શીખવી જોઈએ. જે ભક્તિ શીખે એનું જલ્દી કલ્યાણ થાય. કેમ કે એ ભક્તિ કરવાથી જીવને હૃદયમાં જ્ઞાન થાય છે. ભગવાન શંકરાચાર્યજીએ કહ્યું, 'ભક્તિ વગર જ્ઞાન પાકું થતું નથી.' એકલું સાંભળીને બેસી રહે એટલે જ્ઞાન ન થાય. એકલા ચોપડા વાંચ વાંચ કરે એટલે જ્ઞાન ન થાય. પણ નવ પ્રકારની ભક્તિ હૃદયમાં દ્રઢ કરે તો જ્ઞાન દ્રઢ થાય છે. તો પહેલી ભક્તિ છે.

**(૧) શ્રવણ :** શ્રવણ એટલે ભગવાનની કથા સાંભળવી, પણ કેવી રીતે સાંભળવી ? કે પહેલા

આરંભ, ઊપક્રમ, ઊપસંહાર, એ બરાબર બધી વૃત્તિ કરીને જે સાંભળે એને બરાબર જ્ઞાન દ્રઢ થાય છે. 'એક કાને સાંભળે ને બીજા કાને નીકળી જાય એમ નહીં.' કથા શરૂ થાય ને પુરી થાય ત્યાં સુધી પુરેપુરી સાંભળવી જોઈએ. પહેલા શું કીધું ? વચ્ચે શું કીધું ? વારંવાર શું કીધું ? એનું મનન કરીને દ્રઢ નિશ્ચયથી જો કથા સાંભળે તો શ્રવણ ભક્તિ કહેવાય ને અડધું ન સાંભળે એ ખોટું થાય.

એક ભરવાડને ત્યાં પત્ર આવ્યો એમાં વરસાદનાં છાંટા પડવાથી અંદરનું નામ ભુંસાઈ ગયું. ક્યાં ગામમાં મર્યા તે ખબર નહીં પણ કોઈ મરી ગયું છે તો કાણે જવાનું થયું તો ક્યાં કોને ત્યાં જવું પત્રમાં અડધું સૂજતું ન હતું ને અડધું સૂજતું હતું. એમ પછી આ જીવોને એમ થાય કે ક્યાં ભજન કરું ને કોનું ભજન કરુ? કેમ કરું? ખબર તો પડતી નથી. જે પુરેપુરું ન સાંભળે એને પછી ભક્તિમાં રંગ લાગતો નથી. એટલા માટે પહેલા શ્રવણ ભક્તિ પુરેપુરી કરવી. પરીક્ષિત રાજાનો થોડા દિવસમાં જ મોક્ષ થઈ ગયો કેમ કે એણે શ્રવણ ભક્તિ કરી હતી.

**(૨) કીર્તન :** જે લોકોએ બરાબર શ્રવણ કર્યુ હોય એણે કીર્તન કરતા રહેવું જોઈએ. કીર્તન એટલે ભગવાનની કીર્તિ ગાતી રહેવી. કે, 'ભગવાન વિશ્વના નિયંતા છે ભગવાન 'સત્યમ્' 'શિવમ્' 'સુંદરમ્' છે. ભગવાને આપણને બનાવ્યા છે. ભગવાન આપણું પાલન કરે છે ભગવાન જ આપણો લય કરે છે. આખા જગતની લાજ ભગવાન જ રાખે છે. ભગવાન વડે જ બધા ચાલે છે.' એમ જેમ-જેમ પ્રભુનો મહિમા ગાશો એમ પ્રભુમાં પ્રેમ વધતો જશે. ભગવાનની મહિમા ન સમજવાથી ભગવાનમાં પ્રેમ થતો નથી. જેમ ગાય-ભેંસને તમે નોટો આપો તો એ લેતી નથી કેમકે એને નોટમાં પ્રેમ થતો નથી. એમ જેને ભગવાનની મહિમા નથી કીર્તિ સમજાતી નથી એને ભગવાનમાં પ્રેમ થતો નથી. એટલે સંતોનો સમાગમ કરીને ભગવાનની મહિમા વારંવાર ગાવી ને સાંભળવી ને ભગવાનમાં પ્રેમ વધારવો એટલે કીર્તન ભક્તિ. નારદજી ભગવાનનું કીર્તન કરતાં કરતાં તરી ગયા.

**(૩) સ્મરણ ભક્તિ :** ભગવાનનું નામ સ્મરણ કરવું. પણ ભગવાન હાજરા-હાજર છે એવું સ્મરણ કરવું. આઘા છો ને પાછા છો ને એવું ન કરવું. એકવાર દ્રોપદીએ ભગવાનને પોકાર્યા, 'હે દ્વારકાવાસી ! આવો; મને દુઃખ પડે છે.' ભગવાન દસ મિનિટમાં આવ્યા. પણ દુઃખમાં દસ મિનિટ કલાક જેવી લાગે, દ્રૌપદી કહેવા લાગી, 'તમે આટલી બધી વાર કેમ લગાડી ?' તો ભગવાન કહે, 'તેં હૃદયમાંથી કીધા હોત તો જલ્દી આવત. પણ દ્વારકાથી કીધા. એટલે વાર લાગી.' એમ તમારે જો વાર લગાડવી હોય તો બહારથી બોલાવજો. જલ્દી જોતા હોય તો હૃદયમાંથી બોલવજો.

**"હૃદયમાં રૂડું ધ્યાન હું ધરું, પ્રભુ ઉપાસના પ્રેમથી કરું"**

હંમેશા હૃદયમાં પ્રભુને રાખવા ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું :

**''सर्वस्य चाहं हृदि संनि विष्टो मत्तः**
**स्मृतिर्ज्ञानमपोहनं च ॥ १५-१५ ॥''**

હું સર્વના હૃદયમાં રહેલો છું. એમ પંદરમાં અધ્યાયમાં કહ્યું. ને અઢારમાં અધ્યાયમાં સ્પષ્ટ કહ્યું કે...

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति**
**भ्रामयन्सर्वभूतानि यन्त्रारुढानि मायया ॥**१८-६१गीता

ઈશ્વર બધાના હૃદયમાં છે એટલે ભગવાન આપણી સાથે છે એવું સ્મરણ કરવું. આપણા એકલામાં નથી. બધામાં ઉપર નીચે બધે ભરપુર ભરેલા છે. એવું સ્મરણ કરવું. ભગવાન સર્વમાં સચ્ચિદાનંદ રૂપે બીરાજમાન છે. ભગવાન ઘટઘટમાં છે. કણકણમાં છે. સર્વમાં છે. એટલા માટે સર્વત્ર ભગવાન છે એમ સમજી સ્મરણ કરવું.

**(૪) અર્ચન :** એટલે ષોડશ પ્રકારે ભગવાનનું પૂજન કરવું જેટલી વસ્તુ હોય તે ભગવાનને અર્પણ

કરવી. એનું નામ છે અર્ચન. ઘણા સડેલી સોપારી લાવે સડેલું નાળિયેર લાવે. સડેલાં થોડાં ફૂલ લાવે ને પછી માને પૂજન કર્યુ. એવું નહીં બધુ જ ભગવાનને સોંપો. ત્યારે પૂજન થયું કહેવાય. **''તેરા તુજ કો અર્પણ ક્યા લાગે મેરા?''** પત્ર પુષ્પ ફળ -ફૂલ એ બધુ ઉપલક્ષો છે. જે કંઈ જગતમાં છે એ બધુ ભગવાનનું છે. ને એમ ભગવાનને સોંપી ષોડસ પ્રકારનું પૂજન કરવું.

**(૫) વંદન :** ભગવાનને ચંદન ને વંદન બહુ ગમે છે. જો ભગવાનને ચંદન ચડાવો ને વંદન કરો તો જલ્દી કામ થઈ જાય. કુબજાએ ચંદન ચડાવ્યું તો વાંકી હતી એમાંથી સીધી થઈ ગઈ. જો તમારે સીધા થવું હોય તો ચંદન કરજો. સારો લાભ લેવો હોય તો વંદન કરજો. કેમકે નમે એ ભગવાનને ગમે. અભિમાની ગમતા નથી. કેમકે અભિમાન ભગવાન બધાનું ખાઈ જાય છે. નમે એના હૃદયમાં ભગવાન પ્રગટ થાય છે. હંમેશા દેહનું અભિમાન તોડવા માટે નમસ્કાર કરવા. કેમકે દેહનું અભિમાન છૂટે ને આત્મભાવ આવે એ આનંદમય થઈ જાય અને દેહને 'હું' માનેં એ ઘરડાં થઈ જાય. બીમાર થઈ જાય, કાળા થઈ જાય, એવા સંસારના ચિંતનમાં પડી જાય. નમસ્કારનો અભિપ્રાય છે. દેહાભિમાન છોડવું.

**(૬) દાસભાવ :** હું ભગવાનનો દેહ દ્રષ્ટિથી દાસ છું. એવો ભાવ કેળવવો. જીવ દ્રષ્ટિથી આપણે બધા ભગવાનના અંશ છીએ. **આત્મિક** દ્રષ્ટિએ બધાનો આત્મા એક સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એવો ભાવ રાખી દાસ ભાવ કેળવવો. - હનુમાનજી

**(૭) સખ્ય :** સખાપણાનો ભાવ રાખવો. - ઉદ્ધવજી **(૮) પાદસેવન :** સદ્ગુરૂના ચરણોની શ્રદ્ધાપૂર્વક સેવા કરવી. **(૯) આત્મ નિવેદન :** આત્મ નિવેદન એટલે નદી જેમ સાગરમાં ભળીને સાગર થઈ જાય. એમ ભગવાન ભેળા ભળી ને ભગવાન રૂપ થઈ જવું. હું ભગવાનનો ને ભગવાન મારા છે. હું ભગવાન ભેગો છું એમ દઢ કરવું. કપડું ને દોરા જેમ ભેગા છે, હાર ને સોનું જેમ ભેગા છે. એમ આત્મા ને પરમાત્મા પણ ભેગા છે.

**''પટ તંતુ ન્યારો નહીં, જેમ હાટકનો હાર**
**જડ ચેતન જગદીશમાં, તેજ પુંજ એક તાર.''**
**''અરસ પરસ રહે એકમાં, જેમ તરણીમાં તેજ**
**ભિન્ન નહીં એમ બ્રહ્મથી, ઓળખો પદ એહ... સાંભળ.''**

અરસ પરસ આત્મા પરમાત્મા છે. પરમાત્મા આત્મા છે. પરમાત્માને બધુ સોંપી દેવું એનું નામ છે આત્મ નિવેદન. આ નવ પ્રકારની ભક્તિ જો વ્યાપક પરમાત્માની કરવામાં આવે. પરમાત્મા વ્યાપક છે, પૂર્ણ છે, અખંડ છે, તો માનવ જલ્દી સુખનો ભાગીદાર થઈ જાય. પ્રહ્લાદે કહ્યું, 'આવી રીતે મને ભગવાનની ભક્તિ ગમે છે.' તો હિરણ્યકશિપૂ ખિજાયો ને એને ભણાવવા વાળા ઉપર ખિજાયો કે, 'આવું તમે આને કેમ શીખવાડ્યું ? મેં તો તમને રાજનીતિ શીખવવાનું કહ્યું હતું.' ત્યારે ગુરૂપુત્રો કહેવા લાગ્યા.

**गुरुपुत्र उवाच**

**न मत्प्रणीतं न परप्रणीतं, सुतो वदत्येष तवेन्द्रशत्रो।**
**नैसर्गिकीयं मतिरस्य राजन्।**
**नियच्छ मन्युं कददाः स्म मा नः ॥ ७-५-२८॥**

જે પ્રહ્લાદને ભણાવવાવાળા હતા તે કહેવા લાગ્યા : 'હે રાજન ! આ મારું શીખવાડેલું નથી. આ તો એના જન્મથી જ સંસ્કાર લઈને આવ્યો છે. આ બાળક જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારથી જ આ બધું શીખેલો છે.' એટલે કહે છે કે અમે શીખવાડ્યું નથી. બીજા કોઈએ શીખવાડ્યું નથી પણ આતો એના જન્મથી જ શીખીને આવ્યો છે. એટલે 'હે રાજન ! આમાં ક્રોધ કરવાનું છોડી દો. આમાં મારું કે તમારું કોઈનું ચાલે એમ નથી.' ત્યારે હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછયું કે, 'તને આ બધું ક્યાંથી શીખવા મળ્યું ?'

**(વધુ આવતા અંકે)** ૨૩૫

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

## ■ પ. પૂ. સ્વામી શ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ

અત્રે ઉપસ્થિત ધર્મ પરાયણ ભાઈઓ તથા ભક્તિમતિ માતાઓ બહેનો બાળકો, પરમ કૃપાળુ પરમાત્માની મહતિ અનુકંપાથી આપણા જીવનની અંદર જ્ઞાનરૂપી યોગને પ્રગટ કરનાર અનાદિ કાળથી અર્થાત્ ૨૦૦ વર્ષ પૂર્વથી માધવાનંદ સ્વામીજી મહારાજશ્રી થી લઈને આજે જે ગંગારૂપી જ્ઞાન છે અર્થાત્ ધારા છે એ જેનાથી આ જીવાત્માના સર્વ પ્રકારના દુઃખો, જન્મ-મરણના ચક્રોથી છૂટકારો આપવાવાળા ચિદાનંદ સ્વામીજી મહારાજ શ્રીના નિર્વાણ જયંતિ મહોત્સવના પ્રસંગે આપણને જાગૃત કરવા માટે તેઓશ્રીએ આપણને જે જ્ઞાન પીરસ્યુ છે અર્થાત્ જેઓએ આપણને ઉપદેશ આપ્યો છે કે આ જીવન કેવી રીતે જીવવું? કે જેથી આપણું અંતઃકરણ શુદ્ધ થાય અને એ શુદ્ધ અંતઃકરણની અંદર આપણી ભારતીય વૈદીક સંસ્કૃતિનું જે જ્ઞાન છે જ્યોત છે એ જ્ઞાન જાગૃત થાય અર્થાત્ જ્યોતના પ્રકાશ દ્વારા જે આપણી અંદર ભગવાનનું જે સ્વરૂપ છે એનો સાક્ષાત્કાર થાય જેથી જીવાત્માની અંદર જે જડ-ચેતનની ગ્રંથિ એકદમ દઢ થયેલી છે અને એ જડ-ચેતનની ગ્રંથિને લઈને અંદર તાદાત્મ્ય સંબંધ થઈ ગયો. કોની સાથે? શરીરોની અંદર અને એ તાદાત્મ્ય શરીરના સંબંધને લઈને આ જીવ પોતે કતૃત્વ ભોકૃત્વ ભાવને લઈને શારીરિક, વાચિક, માનસિક જે કર્મ કરે છે એ કર્મ રૂપી બીજથી જીવાત્માને જન્મ લેવા પડે છે અને ત્રિવિધિના તાપમાં તપવું પડે છે. એટલું જ નહિ પણ પંખાની જેમ ગોળ ગોળ જન્મ -મરણના ચક્રમાં ભટકવું પડે છે. એથી છુટકારો પામવા માટે જગદ્ગુરુ ભગવાન શ્રી શંકરાચાર્યજીએ બહુ સુંદર ઉપદેશ આપતા બતાવ્યું કે જીવનની અંદર આ માનવ જીવનને સફળ કરવા માટે સર્વ પ્રકારના દુઃખથી છૂટવા માટે અખંડ આનંદની અનુભૂતિ કરવા માટે જીવાત્માએ શું કરવું જોઈએ? કીધું કે

**'મનો બુદ્ધયહંકાર ચિત્તાનીનાહં**
**ન ચ શ્રોત્ર જિહ્વે ન ચ ઘ્રાણ નેત્રે,**
**ન ચ વ્યોમ ભૂમિ ર્ન તેજોર્ન વાયુઃ**
**ચિદાનંદ રૂપઃ શિવોડહં શિવોડહમ્'**

આજે આપણે જે ચિદાનંદ સ્વામીજી મહારાજ છે એ સાક્ષાત્ બ્રહ્મ સ્વરૂપ હતા. એ બ્રહ્મ સ્વરૂપની અંદર દઢતા લાવવા માટે, દદ કરવા માટે શિવોહં શિવોહં. જે આ બધાય ના શરીરો ત્રણ પ્રકારના છે એની અંદર ચિદાનંદ સ્વામી એ બ્રહ્મ સ્વરૂપ છે એની અનુભૂતી કરવા માટે આપણા જીવનની અંદર આપણે શું દઢ કરવું? શાનો ત્યાગ કરવો એ સુંદર બતાવે છે. પ્રથમ કે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર આ ચતુષ્ટ ચાર વસ્તુની અંદર જીવાત્માને એટલી દઢતા આવી ગઈ છે કે જેને લઈને જીવાત્મા જે જે કર્મ કરે છે એ કર્મરૂપી બીજ જીવાત્માના જીવનની અંદર અનેક પ્રકારના દુઃખનું કારણ બને છે. તો પ્રથમ શું દ્રઢ કરવું? મને - એ મન શાસ્ત્રો કહે છે.

**'મન એવ મનુષ્યાણાં, કારણં બંધ મોક્ષયો**
**બદ્ધાય વિષયા સકતે, ર્મુક્તે નિર્વિષયં મનઃ'**

સર્વ જીવોને બંધન અને મોક્ષનું કારણ મન છે. મનની અંદર તાદાત્મ્ય સંબંધને લઈને હું સુખી છું, હું દુઃખી છું એ જે દઢતા છે તો એ સુખ-દુઃખની અનુભૂતિ મનમાં થાય છે એ તમે દઢ કરો કે હું મન જ નથી. જ્યાં સુધી કોઈ પણ જીવ મનની અંદર અહં ભાવ હોય છે ત્યાં સુધી એ મન હું પોતે હું આ કર્મ કરું છું. કોઈ પણ એ શાસ્ત્ર અનુસાર હોય કે શાસ્ત્ર નિશેધ પણ હોય. એ કર્મનું બીજ છે. એ જીવને જન્મ મરણ આપે છે. તો આ કર્મરૂપી બીજને નષ્ટ કરવું

પડે. જેમ કોઈ વસ્તુમાંથી અંકુરિત શક્તિ થઈ ને પૌધો યા ઝાડવું થતું હોય તો એ બીજને તમે શેકી નાખો તો ઊગવાની શક્તિ નષ્ટ થઈ જાય એવી જ રીતે આ આપણને ચોરાશી લાખ જન્મ રૂપી અંકુરિત થઈને જે જન્મો મળે છે, લેવા પડે છે એને નષ્ટ કરવા માટે જ્ઞાનરૂપી અગ્નિથી એને બાળી દેવાનું છે કે હું મન નથી. એ ભાવ છોડવાનો છે. એટલે મનથી તમે અનાદિ કાળથી જે સંબંધ છે તમે એનાથી અલગ બની જાવ તો સુખ-દુઃખ ઈત્યાદિ મનના ધર્મ છે. આપણને બધાને અનુભવ છે. ડૉકટર ઓપરેશન કરે તો મનને બે ભાન કરી દે પછી જેટલું કાપવું હોય એટલું કાપી નાખે આપણને સુખ-દુઃખ થતા નથી. જ્યાં ભાનમાં આવે તો તરત ખ્યાલમાં આવે એવી જ રીતે સંપૂર્ણ પ્રકારના ત્રિવિધિના તાપ દુઃખો મનની અંદર થાય છે તો મનની સાથે સંબંધ છોડો અને આત્માની અંદર તમે સંબંધ જોડી દો પછી કીધુ કે બુદ્ધિ. તો બુદ્ધિની અંદર પણ આપણને અહં બુદ્ધિ છે. સવારથી જાગીએ ત્યારથી સૂઈએ ત્યાં સુધી મેં અમુક કર્મ કર્યા, મેં અમુક પૂજા કરી, અમુક સ્નાન કર્યું, અમુક કર્મ કર્યુ. એટલે કર્તા અને ભોક્તા જીવાત્મા થાય છે અને એ કર્તા-ભોક્તા થઈને જે કર્મ કરે છે એને લઈને જીવ. જન્મે છે ને મરે છે એટલે એની અંદર પણ કર્તૃત્વ ભોકૃત્વં ભાવ જીવ જ્યાં સુધી છોડતા નથી ત્યાં સુધી તેનું જન્મ મરણનું ચક્ર છૂટતું નથી પછી તમે ગમે એ કર્મ કરો. અહીંથી જાવ, ગંગામાં નાવ, ગંગા સાગરમાં નાવ.

**કુરુતે ગંગા સાગર ગમનં વ્રત પરિપાલન મથવા દાનં ।**
**જ્ઞાન વિહિનં સર્વ મનેન મુક્તિ ર્ન ભવતિ જન્મ શતેન ॥**
**ભજ ગોવિંદ ભજ ગોવિંદ ગોવિંદ ભજ મૂઢ મતે.**

એટલે સમજણ પૂર્વક જે બુદ્ધિની અંદર તાદાત્મ્ય સંબંધને છોડો કે હું બુદ્ધિ નથી. હું તો બુદ્ધિનો પણ સાક્ષી છું હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્મા છું પછી ચિત્ત કે જેને લઈને આપણે ચિંતન કરીએ છીએ સંસારનું અને એ અંત સમયની અંદર એ ચિંતન સંસારનું કરતા કરતાં જે જીવ જાય છે તો એ જેનું ચિંતન કરે છે એવો એને જન્મ મળે છે. એટલે ભગવાન તો કહે છે મને જો પ્રાપ્ત કરવો હોય તો મારું ચિંતન કરો તમારું ચિત્ત છે, મન છે એ મને સમર્પિત કરો, 'મન્મના ભવ' મારી અંદર મનને લગાવો. **'મય્યેવ મન આધસ્વ મયિ બુદ્ધિં નિવેશય, નિવસિષ્યસિ મય્યેવ અત ઉર્ધ્વં ન સંશયઃ'** (અધ્યાય-૧૨). ભગવાન કહે છે કે તમારું મન-ચિત્ત મારી અંદર લગાવો તો મને જ પ્રાપ્ત કરી લેશો અને ભગવાનને પ્રાપ્ત કર્યા પછી લાભ શું? તો કહે કે **'યદ્‌ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ'** જે પરમ મારું ધામ છે. જે પરમ મારું સ્વરૂપ છે શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ છે એની અંદર તમે આવી જશો તો ફરીને તમારે જન્મ નહી લેવો પડે. જેમ ગંગા નદી ચાલતા ચાલતા સમુદ્રમાં જાય છે ને સમુદ્ર રૂપ બની જાય છે એવી જ રીતે જ્ઞાની વ્યક્તિ પણ પોતાના બ્રહ્મ સ્વરૂપની અંદર સ્થિત થઈ જાય છે એ બ્રહ્મ સ્વરૂપ થઈ જાય છે. એટલે ચિત્તની દ્વારા નિરંતર ચિંતન કરવું હોય તો પોતાના સ્વરૂપનું ચિંતન કરવું કે હું ત્રણ શરીર નથી, ત્રણ શરીર મારા નથી. હું કર્તા નથી. હું ભોક્તા નથી, હું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું. ચોથું કહે છે કે અહંકાર. પ્રત્યેક જીવને અહંકાર હોય છે શાનો અહંકાર હોય? શરીરની અંદર અહં વૃત્તિ. હું પુરૂષ છું, હું સ્ત્રી છું, હું વૈશ્ય છું, હું ક્ષુદ્ર છું, હું ક્ષત્રિય છું, હું કર્તા છું. આ જે અહંકાર છે. અહંવૃતિ છે. એ તમે છોડો શરીરની અંદર. જો તમારો અહંકાર છૂટતો જ ન હોય તો તમારે અહંકારને પોતાના સ્વરૂપની અંદર લગાવો. કે 'અહં બ્રહ્માસ્મિ', 'હું બ્રહ્મ સ્વરૂપ છું.' આપણું બધાનું વાસ્તવિક સ્વરૂપ તો બ્રહ્મ છે જ તે પરંતુ અજ્ઞાનને લઈને આ શરીર ન હોવા છતાં આ શરીરની અંદર અહં ભાવ થઈ ગયો. વળગાડ આવી ગયો. વિચાર કરો કે એક સામાન્ય કોઈને પ્રેત વળગ્યું

હોય, ભૂત તોય લોકો હેરાન થઈ જતા હોય કે નહી? પોતે હેરાન થાય પરિવારને હેરાન કરે. ચાણોદ બહુ લોકો વળગાડ કાઢવા આવે. તો આપણને પાંચ ભૂત હારે એવા વળગ્યા છેને એના જે શરીર થયા ત્રણ એ ત્રણેય શરીરની અંદર એટલો વળગાડ એટલો તાદાત્મ્ય સંબંધ થઈ ગયો કે હું અમુક જાતિ, અમુક પુરૂષ, અમુક સ્ત્રી જેટલા જેટલા એના ધર્મો છે. એ ધર્મરૂપી વળગાડને પોતાની અંદર દૃઢ કરી લીધું. તો એ વળગાડ કાઢે કોણ? ચિદાનંદ સ્વામી જેવા સ્વરૂપ એ ધારણ કર્યું છે. અત્યારે પ્રગટ ભગવાન સદ્‌ગુરુ સ્વરૂપ સ્વામીજી મહારાજ છે એ પ્રત્યેક ગામડાની અંદર જઈને આ વળગાડ છે એને કાઢવા માટે સત્સંગ આપે છે. જ્ઞાનરૂપી ઉપદેશ આપે છે અને એ વળગાડ જ્યાં સુધી આપણે કાઢીશું નહિને ત્યાં સુધી ક્યારેય કોઈના જન્મ-મરણ હટ્યા નથી ને હટવાના નથી. **'ઋતે જ્ઞાના ન મુક્તિ'** વેદો તો ઘોષણા કરે છે કે જ્ઞાન વગર કોઈને મુક્તિ મળી નથી અને અહીં શ્રી શંકરાચાર્ય પણ ડિમ ડિમ ઘોષ કરીને કહે છે કે ચિદાનંદ સ્વરૂપ તમારું છે એની જ્યાં સુધી અનુભૂતિ નહિ કરો ત્યાં સુધી તમે આ સંસારના ચક્રથી નહિ છૂટો એટલા માટે આવા પ્રસંગો આવા ઉત્સવો એટલા માટે હોય છે કે તમે તમારા સ્વરૂપ ને જાણો. તમારા સ્વરૂપની અંદર સ્થિત થઈ જાય તો તમને મુક્તિ તો મળેલી જ છે. શું છે? પરંતુ જ્યાં સુધી આપણે વેદના વચનોમાં સદ્‌ગુરુના વચનોમાં આપણે વિશ્વાસ નહિ રાખીએ અને આપણી વૃતિ છે એ શરીરભાવ છોડીને આત્મભાવમાં નહિ જઈએ ત્યાં સુધી મુક્તિ મળવાની નથી. એટલે અહી કીધું કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની અંદર હું પણું - મારા પણું છોડો. આગળ કીધું કે જ્ઞાનેન્દ્રિય પછી જે વિષયો ગ્રહણ કરે છે એની અંદર પણ અહં વૃતિ છોડો

**'નૈવ કિઞ્ચત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્ ।**
**પશ્યઞ્શૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપન્શ્વસન્॥**
(ભ.ગી.અ.૫-૮)

**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ, વર્તન્ત ઈતિ ધારાયન્**-અ-૫-૯

ભગવાન કહે છે કે તમે દૃઢ કરો કે આ જે પાંચ કર્મેન્દ્રિય પાંચ જ્ઞાનેન્દ્રિય પોત પોતાના વિષયમાં જાય છે. હું કાંઈ કરતો નથી. તમે આત્મભાવમાં રહો. તમારો 'હું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું. જેમ જ્ઞાનેન્દ્રિય આંખ છે તો એ રૂપને જોવે છે. કાનેન્દ્રિય છે તો શબ્દને ગ્રહણ કરે છે. જીહવા છે તો સ્વાદ ચાખે છે. ચામડી છે તો સ્પર્શ કરે છે. નાક છે તો સૂંઘે છે. આ પાંચેય ઈન્દ્રિયો પોત-પોતાના વિષયને ગ્રહણ કરે છે. હું કાંઈ કરતો નથી. હું તો એનો દૃઢ સાક્ષી છું. એવી રીતે પ્રત્યેક કર્મેન્દ્રિય પોતાના વિષયને ગ્રહણ કરે છે. પરંતુ હું તો અકર્તા અભોક્તા શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું ત્યાર પછી કીધું કે આ પાંચ જે ભૂત આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વીથી બનેલું જે શરીર એ પણ હું અને મારું નથી. તો કોણ છીએ આપણે? તો શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ આપણું સ્વરૂપ છે એ હું છું. અકર્તા અભોક્તા છું. શુ સચ્ચિદાનંદ સ્વરૂપ છું. આત્મ ભાવથી મારો જન્મ નથી, ને મરણ ય નથી.

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્**
**નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ।**
**અજો નિત્યઃ શાશ્વતોડયં પૂરાણો,**
**ન હન્યતે હન્યમાને શરીરે ॥**

સુંદર બધાના શરીર જન્મે છે ને મરે છે પણ શરીર હું નથી ને મારું નથી. હું સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છું. એ કેવો છે ? એ અજર, અમર, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સચ્ચિદાનંદ સ્વરૂપ છું એ જ્ઞાન આપણા વેદોનું સદ્‌ગુરુનું આપણે દૃઢ કરીએ અને એ દૃઢ જ્ઞાન દ્વારા જ મુક્તિ છે તો ચિદાનંદ સ્વામીજી મહારાજના શરણોમાં એ પ્રાર્થના કરીએ કે વેદોના સાર રૂપ તમે અમને જે જ્ઞાન આપ્યું છે ગીતા ઈત્યાદિમાં એ અમે શ્રવણ કરીએ, સમજીએ અને દૃઢ કરીએ અને આ માનવ જીવનની અંદર જ નરમાંથી નારાયણ સ્વરૂપ બની જઈએ તો આ આત્મા છે એ બ્રહ્મ સ્વરૂપની

અંદર બધાને પોતાનો બ્રહ્માનંદ મળે અને સર્વ પ્રકારના બંધનથી છૂટીને પૂર્ણ અખંડ આનંદની અનુભૂતિ થાય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

### ■ પ.પૂ. સ્વામી શ્રી સુરેશ્વરાનંદ સાગરજી મહારાજ

સચ્ચિદાનંદ ભગવાન કી જૈ, માધવાનંદ સ્વામીજી મહારાજ કી જૈ, ચિદાનંદ સ્વામીજી મહારાજ કી જૈ.

ભાઈઓ તથા બહેનો, આજનો આ મહામાંગલિક મહા મહોત્સવ જે દિવ્ય ચેતનાને લઈને આપણે ઉપસ્થિત થયા છીએ. આજથી ૭૯ વર્ષ પહેલા આ દિવ્ય ચેતના પોતાના સ્વસ્વરૂપમાં સ્થિત થયા હતા. આપણે આપણા દાદાને બે-ત્રણ પેઢીને ઓળખતા નથી. કેટલી પેઢી ગઈ? અહીં બાપા હાજરા હજુર બેઠા છે. ધન્ય ગામ છે આકરૂ ગામ બાપજી અડધી રાત્રે ભલગામડા છોડીને અહીં આવ્યા હતા એટલી તાકાત વાળી ભૂમિ. બાપજીએ શયન કર્યું આકરૂ ગામની ભૂમિને. આપણને ભાવ ના હોય તો ખબર નહીં વાસ્તવમાં એ ભૂમિ એટલી તો તાકાત વાળી હતી. ભલગામડા રાત્રે બાર વાગે ગાડામાં બેસીને બાપજી ૨૦૦ વર્ષ પહેલા મારા ભક્તની માનતા પૂરી કરવા બાપજી અહીં પધાર્યા હતા. અત્યારે હાજરા હજૂર એની ચેતના બેઠેલી છે. આપણા પ્રત્યેકના મનની અંદર જે પ્રાર્થના છે એ બાપજી સ્વીકારે છે. શાસ્ત્રી સ્વામીએ બહુ સુંદર લખ્યું -

**'યદર્થમેવ ભાવિતં, તદર્થમેવ દાયિનમ્**
**યદંઘ્રિરક્તપંકજં, ભજામિ માધવંનદમ્॥'**

તમે જેવી જેવી કામના કરો બાપજી સામે બેસીને, તો ભક્તના દરેકના હૃદયના પોકારને અહીંથી દરિયા પાર વિદેશમાં પોકાર કરે તો ય બાપજી અહીં સાંભળે. બાપજીની ચેતના આખા વિશ્વની અંદર -

**'અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥'**

અમેરીકામાં બેઠા બેઠા દિનેશભાઈ પોકારે બાપજી મારું આ કામ થઈ જાય. બાપજીને રીંગટોન અહીં વાગે. કેટલી તાકાત વાળી આ ભૂમિમાં બાપજીના આ દિવ્ય પરંપરા શાંકરી પરંપરા ૧૨૦૦ વર્ષ પહેલાની એ દિવ્ય પરંપરા આજે ૨૦૦ વર્ષથી તો આ માધવ ગુરુથી પ્રવાહિત થઈ છે. એ પરંપરાના આપણે અનુયાયી છીએ. આપણી પરંપરામાં બહુ મહાપુરૂષો થઈ ગયા. આપણે આપણો પ્રકાશ નથી પાડ્યો અને એ પરંપરાની અંદર મહાપુરૂષોએ અનેક પ્રકારની આ અત્યારે પણ ૨૦૦ વર્ષની પરંપરા જ્વલંત છે. એકદમ પ્રજ્વલીત છે.

શ્રુતિ ભગવતિ કહે છે કે **'ન તસ્ય કુલે અવિદ્વાન ભવતિ।'** એના કુળમાં ક્યારેય અવિદ્વાન પેદા-જ નહિ થાય. જે પેદા થશે એ કોણ થશે? વિદ્વાન પેદા થશે. એટલે દિપકથી દિપક પ્રજ્વલિત થાય તો આજની આ જે દિવ્ય સભા છે જે દિવ્ય ચેતનાને આપણે શ્રદ્ધાંજલિ દેવા જઈ રહ્યા છીએ તો એ બાપજી ખેડા જિલ્લામાં જે આંકલાવ ગામ છે. નાદેરા કુલોત્પન્નની અંદર બ્રાહ્મણ કુળની અંદર પવિત્ર કુળ. એ કુળની અંદર એના દાદા હતા. નારાયણ તમે જુઓ આખું કુટુંબ કેવું હતું. વિચાર કરો. આખું કુટુંબ એનું માધવ ભક્તિને વરેલું હતું. દરેક સંસ્કૃતના પ્રચંડ વિદ્વાન હતા. એમના માતાજી જમના બાઈ. ગુરુગીતામાં વાંચજો તમે શરૂઆતમાં બહેનો માટે બહુ સુંદર સંસ્કૃતનો આખો સ્તોત્ર બનાવ્યો છે. પતિવ્રતા ધર્મ કેમ પાળવો? ઈતિ સાધ્વી જમના બાઈ કૃત પતિ પરાયણ સ્તોત્ર સંપૂર્ણમ્' એવું લખેલું છે વાંચો. પછી એ જ વાતને ભજનમાં કિર્તનમાં બનાવ્યું કિર્તન રત્નકરમાં છે એ - 'બહેનો પતિવ્રતા નિજ ધર્મ તમે સ્વીકારજો રે' તો એ પરંપરામાં

**'કુલં પવિત્રં જનની કૃતાર્થા વસુંધરા પૂણ્યવતી ચ યેન.'**

એનું કુળ તાકાતવાળું હતું. એ મહાપુરૂષ જે કુળમાં પ્રગટ થાય અવતાર લે. જન્મ લે એની જનની પણ કૃતાર્થ થઈ જાય. એની જનની તો ઠીક પણ એની જન્મભૂમિ પણ કૃતાર્થ થાઈ જાય. **'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'** જન્મભૂમિને કૃતાર્થ બનાવવાવાળા 'કુલં પવિત્રં જનની કૃતાર્થા' એવા આપણા બાપજી આપણા દાદા ગુરુ છે જે કંથારીયા અને એની બાજુના ગામના છે. આંકલાવ એ આપણા દાદાના પર ગુરુ ને પરાત્પર ગુરુ છે આપણા. આપણી પરંપરાની હાર્ડડિસ્ક છે. આપણા માધવ ગુરુ પરંપરાનું હૃદય એટલે ચિદાનંદ સ્વામીજી, શાસ્ત્રી સ્વામીજી થઈ ગયા. ઊંચડીની અંદર તેમની સમાધિ છે. તો એ પરંપરામાં શાસ્ત્રી સ્વામીજી પછી કહેવાય છે કે સ્વામીજી મહારાજે સ્વયં એ ચેતના ચિદાનંદ સ્વામીજીની અંદર પ્રગટ થઈ ગયા. શાસ્ત્રી સ્વામીજી પ્રખર વિદ્વાન હતા. પણ બાપજીનું પ્રારબ્ધ થોડું ઓછું હતું. એટલે માધવાનંદ સ્વામીજી પહેલા પોતાનું શરીર શાંત થઈ ગયું એમ કહેવાય છે. પછી એ દિવ્ય ચેતનાએ ચિદાનંદ સ્વામીની અંદર પ્રગટ થયા અને એણે કાશીની નગરીને ગજાવી હતી. એમણે શાસ્ત્રાર્થની અંદર એવું જોરદાર તાકાતવાળું વ્યક્તિત્વ એટલે ચિદાનંદ સ્વામીજી મહારાજ. એમના દાદા છે એના પિતાજી છે એના ભાઈ તો નો'તા એ બધા જ જુઓ તમે સ્તોત્રમાં

**'અહો આજ અંગે મહા સુખ પામ્યો,**
**ઘણા કષ્ટ સંસારના સર્વ વામ્યો.'**

જે નારાયણ એના (ચિદાનંદ સ્વામીજીના) દાદાએ આ સ્તોત્ર લખ્યું છે. જુઓ અને વિચારો, વાંચો અને મનન કરો. કેટલા સુંદર શબ્દો દ્વારા માધવ ગુરુને પ્રાર્થના સમર્પણ કરી.

**'અહો આજ અંગે મહા સુખ પામ્યો,**
**ઘણા કષ્ટ સંસારના સર્વ વામ્યો.**
**પૂરા પર્વ કાલે થયેલા જ એવા,**
**અહો આ સમે તો મળ્યા સંત તેવા,**
**પૂરા પ્રેમથી એ ગુરુને પ્રણામી,**
**દીઠા આજ શ્રી માધવાનંદ સ્વામી.'**

તમે જુઓ ચિદાનંદ સ્વામીજીએ સુંદર સ્તોત્ર બનાવ્યા. આપણી પરંપરામાં ભક્તો અને બહેનો-ભાઈઓને જે આલોક ને પરલોકના કર્મો છે. કપાઈ છે, પાપ કર્મથી નિવૃત કરવા માટે સ્વામીજીએ સત્કર્મો બતાવ્યા જેને નિત્ય કર્મને નૈમિતિક કર્મ કહેવાય. નિત્ય કર્મ એટલે રોજ પાઠ કરવો, આરતી પાર્થના કરવી, સાંજે પ્રાર્થના કરીને શયન કરવું. એવું શિક્ષાપત્રીમાં લખ્યું છે. અને સ્વામીજીએ વિશેષ બનાવ્યું. મોટો પાઠ બનાવ્યો કોણે બનાવ્યો? અંદર શ્લોકો તમે જુઓ કેટલી બધી વિદ્વતા છે. અને એકદમ આરામથી એ શ્લોક તમે ગાઈ શકો. જીભને જરાએ કષ્ટ ના થાય, આરામથી ગાઈ શકો એવા બધા સ્તોત્ર બનાવ્યા. પ્રાતઃ સ્મરણ સ્તોત્ર બનાવ્યા, સુંદર સુંદર સ્વામીજીએ મનુષ્યને કેમ દાંતણ કરવું? કેમ ના'વું? કેમ ધોવું? કેમ ભોજન કરવું? એ પ્રમાણે સ્વામીજીએ નિત્ય કર્મ સોપાસન વિધિ ગુરુગીતાનો દળદાર ગ્રંથ આપી. ગુરુગીતા એટલે સ્વામીજીની પ્રસાદી. શું છે?... આપણે ભલે માળીયામાં ધૂળ ખાતી હોય પણ તમે જે કરો એ પણ એ પ્રસાદી છે. સ્વામીજીની સાચવીને રાખજો. ઘરેણું ક્યાં મૂકો તમે બતાવો? સોનાનું ઘરેણું ક્યાં નાખો તમે? કચરાપેટીમાં? .... તો... આ શું છે? આ તો બાપજીએ કેટલા વર્ષો સુધી તપસ્યા કરી ઈલહાબાદના મહંત આવ્યા છે. અત્યારે એ ઈલહાબાદની અંદર બાપજી તપસ્યા કરી ૧૨-૧૩ ચાતુર્માસ કર્યા. પૂજ્ય દાદા ગુરુએ પણ ત્યાં ચાતુર્માસ કર્યા. ઝૂપડી હતી. પ્રયાગરાજ ઝુસી કહેવાય છે. એની સામે કાંઠે યોગાનંદ સ્વામીની ઝૂપડી હતી ત્યાં બાપજીએ

તપસ્યા કરી. કેવી તપસ્યા કરી? શિવ પુરાણમાં લખ્યું છે. શિવપુરાણમાં સાત સંહિતા છે. આજથી દસ દિવસ પછી આપણું શિવપુરાણ બેસે છે. એ શિવપુરાણમાં લખ્યું છે. એમ સાત સંહિતાઓ છે. જેમ ભાગવતની અંદર ૧૮૦૦૦ મંત્રો છે. એમ શિવપુરાણમાં ૨૪૦૦૦ મંત્રો છે. પહેલા ૧ કરોડ મંત્રો હતા. પછી ૮૦,૦૦૦ મંત્રો થયા. વ્યાસ ભગવાને ટૂંકાવીને ૨૪,૦૦૦ મંત્રોનો દળદાળ ગ્રંથ બનાવ્યો. બે ભાગની અંદર છે શિવપુરાણ. એ શિવપુરાણની અંદર સાત સંહિતાઓ છે. સંહિતા એટલે જોડાણ કરવું. શિવની 'તન્મેમનઃ શિવસંગમ મસ્તુ' શુક્લ યજુર્વેદમાં કહ્યું કે શિવનો સંકલ્પ કેવો હોવો જોઈએ. શિવ એટલે કોણ? મૂર્તિ, ફોટો કે લિંગ એ નહિ. શિવ એટલે કલ્યાણ, મારું મન શિવ સંકલ્પવાળું થાવ. શિવ એટલે કલ્યાણ. મારું મન બીજાનું કલ્યાણકારી થાય

**'શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.**
**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે'**

આ શિવ સંકલ્પ કહેવાય. તો એ શિવ સંકલ્પ એમાં પહેલી વિદ્યસ્ય નામની સંહિતા છે. વિદ્યાઓના ઈશ્વર એની અંદર રુદ્રાક્ષનો મહિમા છે. ભસ્મનો મહિમા છે અને પછી બિલ્વપત્રનો મહિમા છે આમાં વિશેષ લખ્યું જેના કપાળની અંદર ભસ્મ ના હોય, ભસ્મનું ત્રિપુંડ ના હોય, જેના ગળામાં રુદ્રાક્ષની માળા ના હોય અને જેના હાથમાં બિલ્વપત્ર ના હોય જે ભગવાન શિવનો અભિષેક ના કરતો હોય એને જીવતો ક્ષુદ્ર જાણવો. અને એ જે કરતો હોય એને વર્ણાશ્રમનું આડ નથી. જેના કપાળમાં ભસ્મનું ત્રિપુંડ હોય રુદ્રાક્ષની માળા હોય અને બિલ્વપત્ર દ્વારા જે રોજ ભગવાન શિવનો જલાભિષક કરે છે. દિપક પ્રગટાવીને એ વાસ્તવમાં **'મનુષ્ય ન એવ સાક્ષાત્ રુદ્ર એવ'** એ સાક્ષાત રુદ્ર છે. જેના મસ્તક ઉપર ત્રિપુંડ છે. એના દર્શન કરોને તો ભગવાન શિવના દર્શન થઈ જાય. પ્રણામ કરજો જેને હોય એને. વાસ્તવમાં એ લખેલું છે શિવપુરાણની અંદર. એ રુદ્રાક્ષની મહિમાની અંદર લખ્યું છે કે જે પુરૂષ એણે કોઈ વર્ણાશ્રમ નથી કીધું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય નથી કીધુ જે કોઈ પુરૂષ હોય કે બેન હોય એ ૧૧,૦૦૦ રુદ્રાક્ષ ધારણ કરશે તો વાસ્તવમાં એ શિવ બની જશે. એ વાતને ચરિતાર્થ કરવા સ્વામીજી ઈલ્હાબાદની અંદર ૧૫ દિવસ સુધી અન્ન જળનો ત્યાગ કરી દીધો અને ૧૧,૦૦૦ રુદ્રાક્ષ ધારણ કર્યા. જૂની મૂર્તિ છેને એનો ફોટો છે. સ્વામીજીનો ત્યાં પેલા બોડી કેવી હતી. પ્રકાશાનંદ સ્વામીજી જેવી બોડી હતી પણ તપસ્યા દ્વારા સ્વામીજીએ શરીરને સૂકવી નાંખ્યું. જ્યારે છ ચક્રો જાગ્રત થાય પેલું મુલાધારમાંથી કુંડલિની શક્તિ જાગ્રત થાય. ત્યારે લોહીનું માંસ અને લોહી પી જાય એટલે બધું હાડપિંજર થઈ જાય. બધું ખાઈ જાય, કુંડલિની શક્તિ

**'પિંડં કુંડલિની શક્તિઃ પદં હંસમુદાહ્રતમ્'**

એ સ્વામીજીએ ત્યાં પ્રયોગ કર્યો અષ્ટાંગ યોગી હતા. તમે ન જાણતા હો તો આપણી પરંપરામાં અષ્ટાંગ યોગી મહાપુરૂષ હતા. આઠે અંગો એણે સિદ્ધ કરી દીધેલા. કંથારીયામાં રણછોડદાસજી મહારાજ થઈ ગયા. એમણે યોગદિક્ષા લીધેલી અને બંને પ્રખર યોગી ખેડા જિલ્લામાં એનો ડંકો વાગતો એ સમયે રણછોડ દાસ મહારાજ અને ચિદાનંદ સ્વામીજી એની પાસે યોગ દિક્ષા લઈને સ્વામીજીએ આઠ અંગોને સિદ્ધકરી લીધી. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ 'ષડ્ચક્રોના સ્થાન સોહં જાય, ભેદી મનને કરી કેદી.' મનને તાળું મારી દીધું એ ઋતુંભરા પ્રજ્ઞા ક્યારે થઈ? ૧૧૦૦૦ રુદ્રાક્ષ ધારણ કર્યા માથાની ટોપી પણ રુદ્રાક્ષની, કાને કુંડળ, બાહું બંધ, જનોઈ પણ રુદ્રાક્ષની કમરે... આખા દિગંબર અવસ્થામાં બેસીને સ્વામીજીએ ઈલહાબાદમાં ઓરડીમાં બેસી સામાન્ય પદમાં અન્ન

જળનો ત્યાગ કરી અને પછી કહેવાય છે કે જે ૧૧,૦૦૦ રુદ્રાક્ષ ધારણ કરે એને વચન સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય. બાપજીએ વચન સિદ્ધિ પ્રાપ્ત કરી. પણ ઉપયોગ કર્યો નહિ. ૨૦૦ વર્ષની પરંપરામાં આપણે ક્યાંય ક્યાંના ક્યાંય પહોંચી ગયા હોત પણ બાપજીએ પ્રયોગ ન કર્યો. ચમત્કારમાં નો'તા માનતા પણ સ્વામીજી બોલે એ થઈ જતું. સ્વામીજીએ બહું પ્રચાર કર્યો એ આપણને સુંદર પ્રસાદી આપી છે. ઘરે માળીયામાં ગુરુગીતા પડી હોયને તો સાફ કરીને કપડે બાંધજો પાછા, બાપજીની પ્રસાદી છે. એ માધવ ગુરુનું ચરિત્ર જો વાસ્તવમાં જાણવું હોય તો એ હાર્ડડિસ્ક છે જે કમ્પ્યુટરમાં જે પેલી ડિસ્ક કાઢોને તો બધી ફાઈલો નીકળે એમ આપણા માધવ ગુરુના જે ગુણો છે જે ચરિત્રો છે જેટલી મહાનતા છે એ જાણવું હોય તો ચિદાનંદ સ્વામીજીની હાર્ડડિસ્ક ખોલજો. સ્વામીજીનો જે મોટો પાઠ છે. મોટા પાઠની અંદર સ્વામીજીએ વર્ણન કરેલું છે. સ્વામીજીએ વર્ણન કર્યું માધવ ગુરુનું. આખી પરંપરા આખો પરિવાર માધવ ભક્તિને વરેલું હતું. વિચાર કરો માતાજી છે, પિતાજી છે, દાદાજી છે. બધા સ્તોત્રો ગુરુગીતાની અંદર સંસ્કૃતમાં લખેલા છે. એવા આપણને પ્રાપ્ત થયેલા છે. પણ આપણને એનું કાંઈ જ્ઞાન નથી. સમજણ નથી. એટલે મહિમા પણ નથી. એટલે ભાવ પણ થતો નથી. વાસ્તવમાં એ મહાપુરૂષ આપણી માધવ ગુરુપરંપરા ચલાવવા માટે સાક્ષાત્ શાસ્ત્રી સ્વામી તરીકે આવેલા. શાસ્ત્રી સ્વામી જે માધવાનંદ સ્વામીજી જે બોલતા તે શાસ્ત્રી સ્વામી લખાણ કરતા. મણિરત્ન માળા છે. આત્મા પુરાણ છે. તો સ્વામીજી બોલતા અને શાસ્ત્રીજી લખતા. આકરૂની જે સ્વામીજી આરામ કરતા હતા. માધવાનંદ સ્વામીજીએ છેલ્લે જ્યારે સમાધિ લીધી. પાછળ જે રૂમ છેને સ્વામીજી મહારાજ ત્યાં ૪ વાગે યોગમાં બેસીને રાત્રે ૧૨ વાગે સમાધિમાં સમર્પિત થયા, પાછળ જે રૂમ છે. એમાં સ્વામીજીના ગ્રંથો છે. શાસ્ત્રીજી સ્વામીજીએ હાથથી લખેલા આત્મ પુરાણ છે. મણિરત્ન માળા છે. એ શાસ્ત્રી સ્વામીએ લખેલા છે. એ શાસ્ત્રી સ્વામીજી વાસ્તવમાં ચિદાનંદ સ્વામીના ચેતનારૂપે આવીને આપણી પરંપરાને ઉજાગર કરી ચાર ચાંદ લગાવી દીધા. માધવ ગુરુ પરંપરા કેવી હોય. ઉપાસના પદ્ધતિ કેવી કરવી જોઈએ. એ બધુ સાંગોપાંગ પદ્ધતિ લખનાર પૂજ્ય પાદ ચિદાનંદજી બાપજી છે. એણે બાપજીએ અનેક પ્રકારની લીલાઓ કરી. એના પરચા પણ મળ્યા. બધાને છેલ્લે બાપજીને ખબર પડી કે આ દેહ હવે જીવાત્મા રહેવાને હવે લાયક નથી. પુરુ થઈ ગયું, જૂનું થઈ ગયું છે. એટલે અહીંથી તમે અમદાવાદથી આંકલાવમાં સ્વામીજીએ ૪૦ વરસે બાપજીએ જ્યારે જળ સમાધિ લીધી એ વરસથી તાળુ લાગી ગયું હતું. રૂમની અંદર પોતાના ઘરને જ આશ્રમ બનાવી દીધેલો. શું કર્યું સ્વામીજીએ 'ચિદાનંદ આશ્રમ' એ અત્યારે પણ છે. પોતાની જે જન્મભૂમિ એ જ એનો આશ્રમ હતો. છેલ્લે બાપજી વધારે એનો કાર્યકાલ અમદાવાદમાં રહ્યો, ગોધરામાં રહ્યો, જોરાવર નગરમાં રહ્યો, વીરમગામમાં રહ્યો. એ પ્રમાણે સંઘાડિયા પરિવારે બહુ સેવા કરી. એમાં ઊજમશી દાદા હતા. ઊજમશી દાદા હાથમાં ફાનસ લઈને એ સમયે આજથી ૭૯ વરસ થઈ ગયા. તમે વિચાર કરો એ પેલા લાઈટ નહોતી. એ સમયે ઊજમશી દાદા ઊભા રહેતા. એના જે પુત્ર ચીમનભાઈ નારાયણભાઈના બાપા એ કહેતા કે મારા દાદા ફાનસ લઈને ઊભા રહેતા અને સ્વામીજી ગુરુગીતા લખતા ટ્રન્સલેશન લખતા. સંસ્કૃતના શ્લોકો બનાવીને પછી... એ ઘરની અંદર એ સમયે ત્યાં એ ચિદાનંદ સ્વામીજી સાથે પડછાયો બનીને ઊભેલા હતા. ઉજમશી દાદાને ધન્યવાદ છે. સાદા વસ્ત્રમાં પણ સંત હતા એ. ચોવીસો કલાક બાપજીની સેવામાં રહેતા. એને કીધું કે 'દાદા! જાવાની તૈયારી છે મારી.' બાપજી ત્રિકાળજ્ઞાની હતા. કીધુને પેલા કે ૧૧,૦૦૦

રુદ્રાક્ષ ધારણ કર્યા એટલે વચન સિદ્ધિ પ્રાપ્ત થઈ ગયેલી. ઘણા પરચા બાપજીએ આપેલા. એણે કીધું કે આટલા કલાકે આ મિનિટે આ દિવસે હું શરીર છોડી દેવા માંગું છું. એટલે બાપજીએ પોતાની સામે પાલખી બનાવડાવી. સંઘાડિયા પરિવાર છે. લાકડાના વેપારી બધા સુંદર વસ્તુ બનાવી કલા કારીગરી. બાપજીએ બેસીને પાલખી બનાવડાવી અને પછી કહેવાય છે કે બાપજીએ અષ્ટાંગ યોગ દ્વારા પોતાની દશે ઈન્દ્રિયોને અંદર વાળી લીધી. પછી બાપજી પોતાના સ્વરૂપમાં એકદમ શાંત થઈ ગયા. જ્યારે ગૃહસ્થાશ્રમનો જીવાત્મા દસ દ્વારમાંથી બહાર નીકળી જાય. શું કરે? તરફડાટ કરે, તળવળાટ કરે નીકળવા માટે આંખથી નીકળી જાય, કાનથી નીકળે, નાકથી નીકળે, મોઢાથી નીકળે, પેશાબ દ્વારા, સંડાસ દ્વારા જીવાત્મા ક્યાંકથી નીકળી જાય. યોગીનો આત્મા ક્યાંયથી નીકળે નહિ જેમ દિવામાં ઘી ખતમ થઈ જાય પછી શું થાય? પછી ધીરે ધીરે શાંત થઈ જાય રામ થઈ જાય. એમ અષ્ટાંગ યોગીનો આત્મા ધીરે ધીરે બહાર નીકળે નહિ. અંદર શાંત થઈ જાય. એને કહેવાય કૈવલ્ય મુક્તિ. બાપજી યોગી હતા. જેમ ગીતામાં કીધુ કે બોર્ડર ઉપર કામ કરનાર સૈનિક બોર્ડર ઉપર જે કામ કરે દેશને માટે લડે છે અને યોગી એ બેને કોઈ રોકી શકે નહિ. સૂર્ય મંડળ ભેદીને સિદ્ધા સાક્ષાત્ બ્રહ્મલોકમાં પહોંચી જાય.

■ **પરમ પૂજ્ય બ્ર. શ્રીજયાનંદજી મહારાજ**

ઉપસ્થિત મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો.

ભગવાનની મહાન કૃપાથી આજે આપણે તીર્થ ભૂમિ આકરૂ ગામની અંદર પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંત શ્રી વિભૂષિત સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૯ મો નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રદ્ધા-ભક્તિ અને ભાવપૂર્વક મનાવી રહ્યા છીએ. જે ભૂમિની અંદર જે ભૂમિમાં જેણે આપણને દિવ્ય જ્ઞાનની પરંપરા આપી છે. એવા પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી સાક્ષાત્ સમાધિની અંદર બિરાજમાન છે એ આકરૂ ગામના અહોભાગ્ય કહેવામાં આવે છે. બોલો, એ ભાગ્ય વિના સંભવ નથી. આજથી ૭૯ વર્ષ પૂર્વ ચિદાનંદ સ્વામીજી મહારાજશ્રી પોતાનું પાંચ ભૌતિક ક્લેવર છોડીને વિદેહ કૈવલ્ય અમદાવાદમાં સંઘાડિયા પરિવારના ઘેરે એમણે પાંચ ભૌતિક શરીર છોડી અને બ્રહ્મ સ્વરૂપ થયા. એમના પાર્થિવ શરીરને નર્મદાજીની અંદર જળ સમાધિ દેવામાં આવી. મહાપુરૂષના ક્લેવરને જળ સમાધિ અથવા સ્થળ સમાધિ દેવામાં આવે છે. માધવાનંદજી મહારાજશ્રીના બે શિષ્ય શાસ્ત્રી સ્વામી અને શિવાનંદજી સ્વામી. શિવાનંદજીના ત્રણ શિષ્ય આત્માનંદજી મહારાજ, ચિદાનંદજી મહારાજ અને નાગેશ્વરાનંદ સ્વામીજી મહારાજ. આ પૂજ્ય ચિદાનંદ સ્વામીજી મહારાજશ્રી એમના ગુરુજીનું નામ હતું શિવાનંદ સ્વામીજી અને શિવાનંદજીના ગુરૂજીનું નામ હતું. પ. પૂ. માધવાનંદજી મહારાજશ્રી. ચિદાનંદજી સ્વામીજી મહારાજશ્રીએ જે કુંભ નગરી કહેવામાં આવે છે. જે આવતા વર્ષે ૨૦૨૫ની અંદર પૂર્ણ મહાકુંભ છે એવા પ્રયાગ રાજ ઝુસીની અંદર યોગાનંદ આશ્રમ જે આપણો આશ્રમ સ્થિત છે એ આશ્રમમાં રહીને એમણે મહાન તપસ્યા કરી હતી. બોલો એ વાત છે. એ આપણને પ્રત્યક્ષ દેખાય છે જ્યારે એમની પ્રતિમાના દર્શન આપણે કરીએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે સ્વામીજી મહારાજશ્રી કેટલા તપસ્વી હતા. જીવનની અંદર તપ કર્યા વિના કાંઈ પણ મળી શકવાનું નથી. બોલો, સંસારની અંદર ધન કમાવવું હોય તો પણ તપની જરૂર છે તો બોલો બ્રહ્મરૂપ તપ વિના થઈ શકાતું નથી અને બીજું કે સ્વામીજી મહારાજશ્રી મહાન જ્ઞાની હતા. એ પણ આપણને પ્રત્યક્ષ દેખાય છે. જેણે આપણી પરંપરાને મોટી ગુરુગીતા છે એ ભેટમાં આપી છે. એ આપણી પરંપરાની ધરોહર છે આપણી

પરંપરાનો ખજાનો છે મોટી ગુરુગીતા કોઈ સામાન્ય નથી. બોલો ઘરની અંદર મોટો પટારો પડ્યો હોય અને મોટું તાળું માર્યું હોય તો બધા શું કરશે કે અમારા બાપ-દાદા કાંઈક ખજાનો મૂકીને ગયા છે એટલે ખજાનાને લેવા માટે જાણવા માટે એ હંમેશા તત્પર હોય છે. ગમે એવું મોટું તાળું માર્યું હશે તો એને તોડીને એની અંદર એ જોશે પણ બોલો જે ખરા માતા-પિતા આપણા બાપ-દાદા છે એણે આપણને આધ્યાત્મિક ખજાનો આપ્યો છે. બોલો, એ જોવા માટે આપણે તૈયાર છીએ? એ ખજાનો ખુલ્લો પડ્યો છે. છતાં પણ આપણને જોવાની ઈચ્છા થતી નથી. તો ખરેખર જે આ મોટી ગુરુગીતા છે એમાં જાગ્યાથી સૂતા સુધી અને જીવનથી મૃત્યુ પર્યન્ત મનુષ્યનું શું કર્તવ્ય છે એ બધુ જ એની અંદર આપેલું છે. અને એની અંદર મોક્ષના દ્વાર કઈ રીતે ખુલ્લે છે એ પણ એની અંદર આપેલું છે. અને મોટી ગુરુગીતા પહેલા પેજ આપણે ખોલીએ એટલે એમાં લખેલું છે. સોપાસન નિત્ય કર્મ વિધિ શ્રી ગુરુગીતા સોપાસન એટલે 'સ' નો અર્થ છે 'સાથે' અને સહિત ઉપાસન એટલે 'ઉપાસના'. ટોટલ અર્થ થયો ઉપાસના સહિત નિત્ય કર્મ. નિત્ય કર્મ એટલે રોજ એટલે પ્રતિદિન સતત જે કરવા યોગ્ય કર્મ છે એને નિત્ય કર્મ કહેવામાં આવે છે. મનુષ્ય જીવનની આ ક્ષણ છે એ બહુ કિંમતી છે. એટલે પ્રત્યેક ક્ષણ છે એ મનુષ્યની ધર્મમય હોવી જોઈએ. મનુષ્યનું જીવન છે એ હંમેશા સતત ધર્મ પરાયણ હોવું જોઈએ એટલે શ્રુતિ વાક્ય છે.

**કુર્વનેવેહ કર્માણિ જીજીવિષેશતગુંશમાઃ।**
**એવં ત્વયિ નાન્યથેતેસ્તિ ન કર્મ લિપ્યતે નરેઃ॥**

આ શ્રુતિ વાક્ય કહે છે કે જો પરમાત્માનો અમૂલ્ય જે લાભ છે, એ લેવો હોય તો હંમેશા મનુષ્યે સતત એ કર્મના અધિકારી છે એણે સતત કર્મ કરતું રહેવું જોઈએ. સતત એણે ધર્મ પરાયણ રહેવું જોઈએ અને આ ગુરુગીતાની સાથે આ સોપાસન કર્મ વિધિની સાથે ગુરુગીતાનો સમાવેશ છે. ઉપાસના અને નિત્ય કર્મ, તો આપણને થાય કે આ ઉપાસનાની સાથે નિત્ય કર્મની શું જરૂર હશે? તો આપણી જે આ પરંપરા છે, જે આધ્યાત્મિક માર્ગ છે. આ સનાતન ધર્મ છે. એમાં બે પ્રકારના મોક્ષ છે એક સદૈવ મોક્ષ અને એક ક્રમ મોક્ષ જે સદૈવ મોક્ષના ભાગીદાર નથી. એ આ ક્રમ મોક્ષ દ્વારા અર્ચિ માર્ગથી બ્રહ્મ લોકમાં જાય છે. અને ત્યાં બ્રહ્માજી તેને વેદાંતનો ઉપદેશ આપે છે. અને એ અંતે મોક્ષ મેળવે છે. એટલે આપણી ગુરુગીતા એ કોઈ સામાન્ય નથી અને આ ગુરુગીતા, આપણે રોજ પાઠ તો કરીએ છીએ ભલે, ઠેકડા મારતા મારતા પણ પાઠ કરીએ. ઘણા શું કરતા હોય છે? એક હાથમાં માળા ફરતી હોય છે. જેમ ખેતરની અંદર ખડ કાઢતા હોય અને બીજા હાથમાં પાઠ ચાલુ હોય છે તો બોલો, આપણી પાસે મન કેટલા છે? એક કે બે? તો બોલો, પાઠમાં મન લાગે કે માળામાં? એટલે હંમેશા આપણે ધ્યાન રાખવું જોઈએ. ભલે તમે થોડું કરો પણ વ્યવસ્થિત કરવું જોઈએ. તમારી પાસે સમય ન હોય તો ભલે થોડું કરો પણ શાંતિથી એ પાઠ કરવો જોઈએ અને જ્યારે આપણે માળા કરતાં હોઈએ ત્યારે કેવળ માળા જ કરવી જોઈએ અને જ્યારે પાઠ કરતાં હોઈએ ત્યારે કેવળ પાઠ જ થવો જોઈએ. બોલો, બંને વસ્તુ સાથે થઈ શકે? ન થઈ શકે. એટલે આપણે એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ અને આ ગુરુગીતા છે. એ પહેલા સંસ્કૃતમાં હતી અને પહેલા હાથથી લખેલી હતી. એટલે પાઠ કરવામાં પણ બરાબર સુવિધા થતી નહિ અને પરંપરાગત એમાં અનેક અશુદ્ધિ હતી. સ્વામીજીએ શુદ્ધ કરી અને ગુરુગીતાને પછી લખવામાં આવી. અને સ્વામીજીએ એનું ભાષાંતર કર્યું બોલો, ગુરુગીતા તો સંસ્કૃતમાં છે. આપણે એનો પાઠ તો કરીએ પણ એના અર્થની ખબર નથી. જ્યાં સુધી અર્થ સહિત પાઠ કરવામાં આવતો નથી ત્યાં સુધી તેનું પૂર્ણરૂપથી ફળ મળી શકતું નથી. એટલે જો

અર્થ સમજીને આપણે પાઠ કરીએ તો એનું આપણને પૂર્ણ રૂપથી ફળ મળી શકે છે. એટલે સ્વામીજીએ એનું ગુજરાતી ભાષાંતર કર્યું એટલે આ ગુરુગીતાની અંદર સ્વામીજીએ એ વાતને સિદ્ધ કરવા માટે અનેક શાસ્ત્રોના પ્રમાણ ત્યાં ટાક્યા છે. આ ઉપાસના છે એ અલગ-અલગ શાસ્ત્રોની અંદર આપેલી છે. એ ઉપાસના આપણે કરવી હોય તો એ અલગ-અલગ શાસ્ત્ર જોવામાં આપણે સમર્થ નથી. એટલે સ્વામીજીએ આપણા ઉપર કૃપા કરીને એ બધાજ શાસ્ત્રોમાંથી જે ઉપાસના હતી એ બધી ગુરુગીતાની અંદર ભેગી કરી એનું સંકલન કર્યું અને એ આપણને ભેટરૂપે આપ્યું. તો આ ગુરુગીતા છે એનું આપણે નિત્ય પાઠ કરવો જોઈએ. એના અનેક લાભ મળે છે. અને ખાસ કરીને આ ગુરુગીતાનો પાઠ કરવાથી આપણને ગુરુ શું છે? એ ગુરુજીનું જીવનમાં શું મહત્વ છે? ગુરુભક્તિ કઈ રીતે કરવી? એ બધું એમાં આપેલું છે. એ બધું આપણને પાઠ કરવાથી ખબર પડે છે. એટલે આ માનવ જીવનનું પરમ અને ચરમ લક્ષ હોય તો આ જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ આ ચાર પ્રકારના જે મહાન દુઃખ છે એમાંથી આ છૂટવાનું આ માનવ જન્મની અંદર જ મળી શકે છે અને માનવ જીવનમાં આમાંથી છૂટી શક્યા નહિ તો બોલો અત્યારે નહિ તો પછી ક્યારેય નહિ જો મનુષ્ય જીવનની અંદર મુક્ત થઈ શક્યા નહિ તો એવો કોઈ જન્મ નથી કે એમાં આપણે મુક્ત થઈ શકીએ એટલે આપણે બહુ ભાગ્યશાળી છીએ કે આપણને આવી દિવ્ય જ્ઞાનની પરંપરા મળી છે અને એ પરંપરાથી આપણને જે આત્મા-પરમાત્માનું જે ઐક્ય જ્ઞાન છે. કઈ રીતે મુક્ત થઈ શકાય એ અત્યારે પણ પરંપરાથી આપણને મળી રહ્યું છે. એટલે જ્ઞાન આપણા જીવનમાં બરાબર ઊતરી જાવું જોઈએ. બોલો સંસારનું છે એ મનુષ્યના મગજમાં વગર કીધે ઊતરી જાય છે. પણ ખરેખર જ્યાં સુધી જે આપણી આ પરંપરા જ્ઞાન આપતી આવી છે એ ઉતરશે નહિ ત્યાં સુધી ક્યારેય આ સંસારથી મુક્ત થઈ શકાશે નહિ. એટલે કીધું ને કે?

**ચૈતરે ચિત્ત ચેત્યો નહિ ઘડી લાખેણી જાય,**
**વળતી વિચારીશ જીવડા, પાછળથી પછતાય.**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી**

મનુષ્ય શું વિચાર કર્યા કરે કે હજી તો આપણી પાસે સમય છે. 'આજ કરીશું, કાલ કરીશું' એટલે કીધને?કે

**'આજ કરશું કાલ કરશું, કાલ કેદી થાય છે,**
**અમૃત લ્હાવો લેતા, આળસ કેમ થાય છે.**
**સચ્ચિદાનંદ બોલો, અવસર વીતી જાય છે.'**

એટલે હંમેશા આપણે આ મનુષ્ય જન્મની અંદર જાગ્રત થવું જોઈએ. અને હંમેશા આપણું જે સ્વરૂપ છે 'હું કોણ છું?, ક્યાંથી આવ્યો છું? અને ક્યાં મારે જવાનું છે?' એનો આપણે સતત વિચાર કરવો જોઈએ. તો આ પ્રસંગે ખરેખર ચિદાનંદ સ્વામીજી મહારાજશ્રીને એ જ સાચી શ્રદ્ધાંજલી કહેવામાં આવે છે કે આપણે પણ આ આજના દિવસે સંકલ્પ કરીએ કે જે આપણને ગુરુજીએ જ્ઞાન આપ્યું છે એ જ્ઞાનને આપણે જીવનમાં બરાબર ઉતારીએ અને એ પ્રમાણે જીવન બનાવી આપણે પણ નિર્વાણ જયંતિ આ જે મહોત્સવ છે જે આપણે ઉજવી રહ્યા છીએ એનો પરમ અને ચરમ લાભ હોય તો એ સંકલ્પ કરવો એ જ સાચી શ્રદ્ધાંજલી કહેવામાં આવે છે.

**સર્વેત્ર સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ દુઃખ**
**ભાગભવેત્॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ કંથારીયા, તા. આંકલાવ, સ્વ. સંદીપકુમાર રમેશભાઈ પટેલ (ઉ.વ.૪૦) સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૩ ને સોમવાર તા. ૬-૫-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**''नमो च्युतायगुरवेऽज्ञानध्वान्तै कलानवे।**
**शिष्य सन्मार्ग पथ्ये कृपापीयूष सिन्धवे॥''**

અન્નરૂપ અંન્ધારના નાશક એક સૂર્યરૂપ શિષ્યો સન્માર્ગ (મોક્ષમાર્ગ) બતાવવા કુશળ કૃપારૂપ અમૃતના સાગર એવા અવિનાશી શ્રી ગુરુદેવને નમસ્કાર.

પૂજ્ય ચિંદાનંદજી સ્વામિ દ્વારા રચેલ (વેદાન્ત રત્નાકર) તેઓની તીવ્ર ઉત્કંઠા સરળતા અને તપોમૂર્તિ આચાર્યશ્રી માધવાનંદના પ્રીતિપાત્ર શિષ્ય ગણતા તૃતીય આચાર્ય પદ અત્યંત દિપાવ્યું છે. કેટલાંક સ્તોત્રો શ્રી ગુરુગીતા તથા હસ્ત લિખીત સ્ટીક પ્રસિદ્ધ ગ્રંથો પરંપરાને જ્ઞાન વારસામાં આપેલ છે. મુમુક્ષુઓ માટે પરમ લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિ માટે સેતુબંધ સમાન છે.

આ સંસાર એક અત્યંત ગાઢ વન સમાન છે. એમાં અપાર કાંટાળા વૃક્ષો છે. આ વન મનરૂપિ ભૂમિમાં ફલીફાલી રહ્યું છે. ઈન્દ્રીયોના વિષય સુખના વાદળા જ્ઞાનરૂપી સૂર્યને ઢાંકી દે છે. રાગ આસક્તિનો વરસાદ વરસાવે છે. આથી આ વન વધુને વધુ ગાઢ બને છે. આ અત્યંત ભયાનક વનમાં જીવાત્મા અનંતકાળથી ભટક્યા જ કરે છે. ફરી ફરીને જન્મે છે અને મરે છે. જન્મ મૃત્યુ જરા (ઘડપણ) અને વ્યાધિની ભીષણ વેદના અનુભવી રહ્યો છે. આ જીવાત્માની રક્ષા અને ઉદ્ધાર સદ્ગુરુ પરમાત્મા સિવાય અન્ય કોઈ કરી શકે એમ નથી. જગતનો પ્રત્યેક પદાર્થ દુઃખ મય છે. જો પદાર્થમાં સુખ હોય તો તે પદાર્થમાં તે સુખનો અનુભવ સ્થળ બદલાતા સમય બદલાતા કે અવસ્થા બદલાતા બદલાવો ન જોઈએ. પરંતુ એમ નથી થતુ. જોતે કાળે જેતે વસ્તુમાં સુખ બુદ્ધિ ઉપજે છે. તે કેવળ બુદ્ધિનો ભ્રમ છે. આ દુઃખમય સંસારમાંથી ઉગરવાનો માત્ર જન્મ-મરણના ચક્કરમાંથી છૂટવું એનું નામ મોક્ષ છે. આત્મજ્ઞાન વિના મોક્ષનો સંભવ નથી. આથી મોક્ષની ઈચ્છાવાળાએ સદ્ગુરુ પરમાત્માનું ધ્યાન ભજન સેવા પરાયણ થય તેના શરણે જવું અનિવાર્ય છે. આ વાત ભગવાને ગીતામાં અર્જુનને કહેલ છે.

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

બીજા બધા પરધર્મ લોકધર્મરૂપ કર્મોનો પરીત્યાગ કરીને મરે પરમાત્માને શરણે થા સર્વ પાપોથી હું તને મુક્ત કરી દઈશ તું શોક ન કર.

જ્યાં સુધી પોતાને પ્રિય એવી કોઈપણ સંસારિક ચીજ વસ્તુ માટે મનુષ્યને પોતાના હૃદયમાં અલ્પ માત્રમાં અનુરાગ આસક્તિ છે. ત્યાં સુધી તે સંસારના સઘળા દુઃખોની યાતના ભોગવતો રહે છે. તેનું મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાનના અપરાધોમાંથી મન મુક્ત ન થાય ત્યાં સુધી વિષયોના ઉપભોગની કામનાથી એનુ મન અશુદ્ધ અસ્થિર રહે છે. આથી દાવાનલ સમાન દારૂણ સંસારમાંથી બચવાની ઈચ્છાવાળાઓ વિષયોની આસક્તિ રાગથી મુક્ત થવું. રાગ દૂર થતા અનુચિત સરળતાથી ઈશ્વર પરાયણ પરમ પદના અધિકારી બને છે. ચિત્તરૂપી સરોવરમાં રાગદ્વેષ કામ, ક્રોધ, લોભ, મોહ જેવું દુર્વાસનાનુ જળ ભરેલુ છે. વળી કુસંગથી મલિન વાસનાનું નવુ દૂષિય જળ ભરાતુ રહે છે. આ દૂષિત જળ ચિતમાં પ્રવેશે નહિ એ માટે સાત્વિક રહેવું વિષય દોષ દર્શન કરવું. સારા સંગથી સતસંગથી વાસના રૂપી જળ ઉલેચવું. આમ ચિત ખાલી નિર્મળ થતા ભગવત ભક્તિમાં તલ્લીન બની પરમગતિનો લાભ પ્રાપ્ત કરે છે. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ આકરૂ, તા. ધંધુકા, સ્વ. હિંમતભાઈ રામજીભાઈ ઘેલાણી સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૪ ને બુધવાર તા. ૨૨-૦૫-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

''तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥''

[મુંડકોપનિષદ-૧-૨-૧૨]

''તે (પરબ્રહ્મ)ને જાણવા માટે તે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે હાથમાં સમિધા લઈને જવું જોઈએ.'' જીજ્ઞાસુએ રાગ–દ્વેષના ભેજ વિનાના સૂકા કાષ્ઠવત અંતઃકરણ સાથે ગુરુ સમીપ ઉપસ્થિત થવાના લક્ષ્યાર્થને સમજાવવા માટે જ ઉપનિષદમાં જણાવ્યું છે કે ગુરુ પાસે આત્માના જ્ઞાનની પ્રાપ્તિ માટે હાથમાં સમિધા-સૂકાં લાકડાં લઈ ઉપસ્થિત થવું અને અહીં પણ ગુરુનો પરિચય આપતાં જણાવાયું છે કે ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. તેવા ગુરુ સમીપ હાથમાં સમિધા લઈ ઉપસ્થિત થઈ શિષ્ય સંકેત દ્વારા જણાવે છે કે, ''હે ગુરુ! હું મળ અને વિક્ષેપ અર્થાત્ રાગ-દ્વેષ અને ચંચળતાથી મુક્ત થઈ આ સૂકાં કાષ્ઠવત થઈ આપ સમીપ આવ્યો છું. અગ્નિમાં જેમ સૂકાં લાકડાં ઝડપથી પ્રજ્વલિત થઈ જાય તેમ આપના સત્સંગ સાંનિધ્યથી આપના જ્ઞાનાગ્નિમાં મારા અજ્ઞાનને હોમી સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણોથી મુક્ત કરી મને ભસ્માંકિત કરવાની કૃપા કરો.'' આવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ એટલે કોણ? તેની સ્પષ્ટતા માટે દૃષ્ટાંત દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

**દૃષ્ટાંત :** રસ્તે જતાં એકવાર અમારી મોટર બગડી ગઈ. રસ્તાની બાજુમાં આવેલા ગેરેજમાં ગાડીને ધક્કો મારી સમારકામ માટે લઈ ગયા. ત્યાં કારીગરે દસ મિનિટમાં જ ગાડી ચાલુ કરી દીધી. સરળતાથી ઓછા સમયમાં ગાડી રીપેર કરી આપનાર મિકેનિકને પૂછ્યું કે, ''ભાઈ! તેં આ ગાડી આટલી ઝડપથી કેવી રીતે રીપેર કરી આપી?'' ઉત્તર આપતાં તેણે કહ્યું, ''કાર્બ્યુરેટરમાં કચરો આવી ગયો હતો.'' તેને સાફ કરી નાંખ્યો એટલે ગાડી ચાલુ થઈ ગઈ. તેને કહ્યું, 'તું મને પદ્ધતિસર આકૃતિ દોરીને ગાડીમાં થયેલ ખરાબી વિશે સમજાવ. આમ કહેતા તેણે જણાવ્યું કે ગાડી બગડે તો સાહેબ ફરીવાર મારી પાસે આવજો પરંતુ મને તેની યાંત્રિક ગોઠવણી વિશે સમજાવવાનું ફાવશે નહીં. ગાડીમાં ગમે તે ખરાબી હશે તેને હું તાત્કાલિક સરળતાથી દૂર કરી શકીશ પરંતુ તે કેમ થયું? કેવી રીતે થયું? અથવા તો તેને કેવી રીતે રીપેર કરવું તેવા તમારા પ્રશ્નોના ઉત્તર હું આપી શકીશ નહીં. ગાડીમાં બેસીને પ્રવાસ કરનારા અમને અમારા યંત્ર વિશેની વિશેષ માહિતી જાણવાની ઈચ્છા હતી, તેથી અમે તેની ઓફિસમાં બેઠેલા ઑટોમોબાઈલ એન્જિનીયરને મળ્યા; નવી ગાડીમાં આવું કેવી રીતે થાય તે સમજવા પ્રશ્નો કર્યા. એન્જિનીયર સાહેબે તો પુસ્તિકા મંગાવી પેન અને પેપર લઈ આકૃતિઓ દોરી અમને ગાડીના યંત્રની તમામ માહિતી આપી. એટલું જ નહીં, ગાડીમાં કયા કયા પ્રકારની ખરાબી (Fault) થઈ શકે તેમ છે? તે શાથી થાય છે? ખરાબ થતી ગાડીને અટકાવવાના ઉપાયો તથા ખરાબ થઈ ગયા બાદ તેને રીપેર કેવી રીતે થાય તે બધું અમને કાગળ ઉપર દોરીને ઊંડાણપૂર્વક સમજાવ્યું. ત્યારબાદ અમે તેમને ગાડીમાં થયેલી ખરાબીને દૂર કેવી રીતે કરવી તે પ્રયોગ કરી સમજાવવા જણાવ્યું. બહાર આવી ગાડીનું બૉનેટ ખોલ્યું, પરંતુ યંત્રનિષ્ણાત તે ઈજનેર સાહેબ અમને પ્રયોગ કરી સમજાવી શક્યા નહીં. તે માટે તેમને મિકેનિકને જ બોલાવવો પડયો. આવા વિદ્વાન ઈજનેરને યંત્ર વિશેની ઘણી ઊંડી સમજ હોવા છતાં આ સામાન્ય વાત શા માટે નહીં સમજાઈ હોય? તેવું પૂછતાં તેમણે જણાવ્યું, ''હું નવી ગાડી કેમ બનાવાય; તેમાં ખરાબી કેવી રીતે થાય તથા તેનો ઉપાય શું? તેનો સિદ્ધાંત સમજાવી શકું. પરંતુ

અનુભવી મિકેનીક બગડેલી ગાડીના દોષો ઝડપથી દૂર કરી શકે. અહીં કારીગરને રીપેર કેવી રીતે કરવું તે આવડે છે પરંતુ રીપેર કેવી રીતે થાય તેનો સિદ્ધાંત સમજાવતા આવડતું નથી. આ ઉદાહરણમાં વાહનશાસ્ત્રના સિદ્ધાંતને જાણનાર આ ઈજનેરને શ્રોત્રિય કહેવાય. જ્યારે વાહનના યંત્રમાં રહેલી ખામીને દૂર કરી વાહનનું યંત્ર યથાવત (રીપેર) કરનાર, ભાગોને ખોલીને પાછા જોડી દેનાર કારીગર (મિકેનીક)ને બ્રહ્મનિષ્ઠ કહેવાય. કારણ કે તેને યંત્ર વિશેનો પ્રાયોગિક અનુભવ છે. તે જ પ્રમાણે જે કોઈ વ્યક્તિ શાસ્ત્રોમાં પારંગત હોય, વેદના મંત્રો તેની જીભના ટેરવે રમતાં હોય છતાં પણ જો તે આત્મદશામાં સ્થિર ન હોય અગર બ્રાહ્મીસ્થિતિમાં નિષ્ઠાવાન કે સ્થિતપ્રજ્ઞ ન થયો હોય તો તેને શ્રોત્રિય અવશ્ય કહી શકાય પરંતુ બ્રહ્મનિષ્ઠ ન કહી શકાય. જ્યારે ભલે કોઈ શાસ્ત્રમાં નિપુણ ન હોય પરંપરાગત પદ્ધતિએ શાસ્ત્રોનો અભ્યાસ ન કર્યો હોય, કોઈ જીજ્ઞાસુ કે મુમુક્ષુની શંકાનો તે શાસ્ત્રોના સંદર્ભમાં ભલે ઉત્તર ન આપી શકે કે કોઈને શાસ્ત્રો ન ભણાવી શકે. છતાં પણ જો તે આત્મસ્થિતિમાં દૃઢ હોય કે તેની પ્રજ્ઞા સ્થિર થયેલી હોય તો તેવી આત્મસ્થિત વ્યક્તિને બ્રહ્મનિષ્ઠ કહી શકાય, પરંતુ તે શ્રોત્રિય ન કહેવાય. તેથી જ શાસ્ત્રો અને આચાર્યો ઉપદેશે છે કે આત્મજ્ઞાનને પંથે પ્રસ્થાન કરવાની ઈચ્છાવાળા મુમુક્ષુ માટે માત્ર ક્ષોત્રિય ગુરુ કામ ન આવી શકે અને તે જ પ્રમાણે કોઈ શાસ્ત્રજ્ઞાનથી વંચિત હોય અને માત્ર બ્રહ્મનિષ્ઠ હોય તેવા ગુરુનું માર્ગદર્શન પણ ઉપયોગી થઈ શકે નહીં. માટે જ કહ્યું છે કે, 'અજ્ઞાન નિર્મૂળ કરી આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવું હોય તો શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના શરણે જવું જોઈએ કે જેથી અધ્યાત્મને માર્ગે આગળ વધવા શાસ્ત્રને સહારે યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે અને જે ઉચ્ચતમ સત્યને ગુરુ પામી ચૂક્યા હોય તે અંતિમ લક્ષ્ય સુધી શિષ્યને પણ પહોંચાડી શકે. ■

# શ્રદ્ધાંજલિ

**ગામ ચમારડી, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર, હાલ સુરત સ્વ. ગણેશભાઈ રામજીભાઈ મુંજાણી (ઉ.વ. ૬૭) સંવત ૨૦૮૦ વૈશાખ સુદ ૫ ને રવિવાર તા. ૧૨-૦૫-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

દિલગીરી સાથ જણાવવાનું કે સ્વ. ગણેશભાઈ રામજીભાઈ મુંજાણીના અવસાનના સમાચાર જાણીને ''શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ તેમજ ''વેદરહસ્ય'' કમિટીના સદસ્યશ્રીઓ તેમજ માધવ પરિવારના તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સર્વે સેવકગણોએ આઘાતની લાગણી અનુભવી છે. પણ ઈશ્વર ઈચ્છા બળવાન છે.

તેઓશ્રી શ્રી માધવાનંદ આશ્રમ - ચાણોદ તથા શ્રી માધવાનંદ આશ્રમ - સુરત તાપી કિનારે આમ આ બંને આશ્રમના ટ્રસ્ટી હતા. તેઓ ખૂબજ ઉત્સાહ અને તન-મન-ધનથી સેવા બજાવતા હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના પવિત્ર - પાવન - આત્માને મોક્ષ પદના ભાગીદાર બનાવે. તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી સદ્‌ગુરુના ચરણોમાં પ્રાર્થના.

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

**પ. પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ તેમજ**
**વેદરહસ્યના તંત્રીશ્રી તથા શ્રી માધવ ગુરૂકુળ તથા સમસ્ત ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ**
**તેમજ સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ શ્રદ્ધાંજલિ અર્પે છે. જય સચ્ચિદાનંદ**

# રાજા અને કઠિયારાની કથા

કોઈ એક મહાસંપત્તિવાળો ચક્રવર્તી રાજા હતો. બીજા અનેક માંકલિક રાજાઓ એની આજ્ઞામાં રહેતા હતા. તે ધર્મ પ્રમાણે પ્રજાનું પાલન કરતો હતો. તે આખી પૃથ્વીનો પતિ હતો. તો પછી તેની સમૃદ્ધિની તો વાત જ શી કરવી? એક વખતે તે ચક્રવર્તી રાજા કેટલુક સૈન્ય લઈને વનક્રીડા કરવા ગયો. વનમાં તો રાજાએ અતિ સુશોભિત વૃક્ષ લતાઓથી આનંદ પામીને ત્યાં સૈન્યનો પડાવ નાંખ્યો. ત્યાર પછી પોતાના કેટલાક અંગરક્ષકો વગેરેને સાથે લઈ અશ્વારૂથ થઈને તે વનમાં મૃગયા કરવાને નીકળ્યો. મૃગયા માટે ચારે બાજુ ફરી ઘણી શોધ કરી. છતાં કોઈ મૃગલી કિંવા મૃગ. વાઘ કે સહિં કંઈ પણ તેની દૃષ્ટિએ પડ્યું નથી એથી ક્રોધાયમાન થઈ તેને ઘોડો આગળ ચલાવ્યો થોડે દૂર જતાં પોતાનાથી કેટલેક દૂર તૃણાંકુર ચરતું કેટલાંક કૃષ્ણમૃગોનું ટોળું તેની દૃષ્ટિએ પડ્યું. રાજાને પોતાની તરફ જોસભેર ધસી આવતો જોઈ. તે ટોળામાંના મૃગો ચારે બાજુએ નાસવા લાગ્યા. તરત રાજા પોતાના સાથીઓને છોડી દઈ. પોતાના અશ્વની લગામ છૂટી મૂકીને તે મૃગોની પીછે પડ્યો. એ ટોળાનો નાયક મૃગ ઘણો જ સુંદર હોવાથી બીજા મૃગો તરફ દૃષ્ટિપાત ન નાખતા રાજાએ તેની જ પછવાડે છોડ કરી. છતાં તે મૃગ રાજાની ધણી નેમ-ચોટો ચૂકવતો બહુ દૂર નીકળી ગયો. આટલું છતાં પણ રાજાએ તેની પીંઠ છોડી નહી., પણ તેની પછવાડે દોડતાં દોડતાં જ બાણોનો મારો ચાલુ જ રાખ્યો. આમ જોસભેર દોડતાં ઘોડાનો એક પગ સહજ ખાડામાં આવી જવાથી લથડ્યો. તેથી તેણે જરાક આંચકો ખાધો એ સંધિમા રાજાની દૃષ્ટિ ચૂકવીને તે મૃગ વૃક્ષોની ઘનઘટામાં અદૃશ્ય થઈ ગયું.

રાજા ઘણો નિરાશ થઈ ગયો. કેમકે સૈન્ય તથા સાથીઓ અત્યંત દૂર રહી ગયા હતા. સમય મધ્યાદહકાળનો થયો હતો અને શરીરે અત્યંત શ્રમ પહોંચ્યો હતો. તેથી તુરત પાછા વળવું માડીવાળી પોતાને થયેલો પરિશ્રમ દૂર કરવા માટે નદીના તીર ઉપરના એકવૃક્ષની શીતળ છાયા નીચે જઈને રાજા અશ્વ પરથી ઉતર્યો અને અશ્વને વૃક્ષના થડ સાથે બાંધી ઝાડની થડની પાસે બેઠક કરી. ધનુષ્યને ઓશીકે રાખીને જરાક આડો થયો. તે થાકેલો હતો તેથી તેને મીઠી નિદ્રા આવી ગઈ. એક ઘડી એકનો સમય વીત્યા પછી ત્યાં એક કૌતુક થયું.

પાસેની વૃક્ષોની ગાઢી ઘટામાંથી સ્ત્રીની આકૃતિનું એક જંગલી પ્રાણી એકાએક દોડતું રાજાની પાસે આવ્યું. અને તુરત રાજાના બંને હાથ પકડી તેને પોતાની પીઠ પર નાંખીને તે સપાટાબંધ પાછું તે વૃક્ષોની ઘટામાં અદૃશ્ય થઈ ગયું. રાજા જો કે તુરત જાગ્રત થઈ ગયો. પણ તે પાણીના બળ આગળ તેનું કશું ચાલ્યું નહિ. તે જંગલી પ્રાણીએ રાજાને એક નાનીશી ગુફામાં લઈ જઈ ત્યાં બેસાડ્યો. અને તેના બારણાને એક મોટા ભારે પથ્થરથી બંધ કીધું. રાજાએ એ ગુફામાં જોયું તો પોતાની પેઠે પકડાયેલો એક બીજો પુરૂષ પણ ત્યાં હતો. તેને જોતાં રાજાનો ગભરાટ આગળ કરતા જરાક ઓછો થયો. પછી તે તેની સમીપ જઈને બેઠો. પરસ્પર વાતો કરતાં રાજાએ તે મનુષ્યને પૂછ્યું : ભાઈ! તું કેવી રીતે અહીં આવ્યો? અને તું કોણ છે ?' આ સાંભળીને તે બોલ્યો : 'ભાઈ! હું આ વનની પાસેના ગામનો કઠિયારો છું. હું ઘરનો અત્યંત ગરીબ છું. મારા સ્ત્રીપુત્રાદિક અન્ન માટે દુઃખી હોવાથી આ વનમાંથી પ્રતિદિન સૂકા લાકડાની એક ભારી લઈ જઈને વેચુ છું અને તેના પર મારા કુટુંબનું ભરણપોષણ કરું છું. આજે હું આ પાસેની ઝાડીમાંથી લાકડા કાપી ભારી બાંધીને ગામમાં જવા માટે તૈયાર થયો હતો. પણ મધ્યાદહ થયો હતો અને ભૂખ પણ લાગી હતી. તેથી છેડે બાંધેલો રોટલો ખાય પાસેના એક ઝરણામાંથી પાણી પીધું અને પછી શીતળ છાયામાં જરાક વિશ્રામ લેવાનો વિચાર કર્યો અને મારી હુકાડી જેમાં મારા

આખા કુટુંબનું ભરણ પોષણ છે તેમ જ મારી સઘળી સમૃદ્ધિ સમાયેલી છે તેને બહું જતનથી મારે ઓશીકે મૂકીને હું સૂતો. પરંતુ મારી આંખ મળી ન મળી. એટલામાં તો આ દુષ્ટ પ્રાણીએ આવી એકાએક મારા બંને હાથ પકડી લીધા અને મને કાંધ ઉપર નાંખી ક્ષણવારમાં અહીં આણી મૂક્યો. તારા આવ્યા પહેલા થોડીક ક્ષણ પૂર્વે જ હું અહીંયા આવ્યો છું. અને મારી કુહાડી તથા કાષ્ટનો ભારો બંને ત્યાં જ પડ્યા રહ્યા છે. અરે રે? હે પ્રભુ? દયા કર. કૃપા કર હવે મારા બાળકોનું શું થશે? બિચારાં ભૂખે રવડી મરશે.''

એવી રીતે પોતાની વાત કહીને તે ગરીબ કઠિયારો બહુ બહુ વિલાપ કરવા લાગ્યો ત્યારે રાજાએ તેને કહ્યું- અલ્યા ભાઈ! તું આમ વિલાપ શા માટે કરે છે? તારા માટે (તારા વિના) તો માત્ર તારું કુટુંબ જ દુઃખી થશે. પણ હું આ પૃથ્વીનો સાર્વભૌમ રાજા છું. તેને માટે (તેના વિના) તો આખું રાજ્ય દુઃખી થશે. મારી રાણી અને કુંવરો મને ન જોવાથી આત્મઘાત કરશે. અને મારૂં રાજ્ય રાજા વિનાનું સૂનું પડવાથી તેમાં અનેક પ્રકારના ઉત્પાતો થશે. પણ હે ભાઈ કઠિયારા? એ સઘળું અર્થાત્ મારા કે તારાં પછવાડેના દુઃખ સુખમાંનું આ વખતે આપણી પાસે કંઈપણ નથી; અહીં તો આપણે બંને સમાન જ છીએ : માટે તુ કશો કલેશ કર મા, દુઃખી અવસ્થામાં મનુષ્યે એકાએક ગભરાવું નહિ. પણ ધીરજ રાખવી અને આવી પડેલાં દુઃખનું નિવારણ કરવા માટે પ્રયત્ન કરવો અને તે પ્રયત્ન સફળ થઈ દુઃખમાંથી મુક્ત થવા માટે દયાસિંધુ પરમાત્માની સ્તુતિ કરીને તેની સહાયતા માંગવી. એજ આ વેળા આપણું કર્તવ્ય છે. શરણ પ્રભુનું જ સાચું છે. પ્રાણીઓ તેના નામ માત્રથી સંસારના મોહમય કઠિન બંધનમાંથી પણ મુક્ત થાય છે. તો પછી આ અલ્પબંધન તે શા લેખામાં છે? માટે હે ભાઈ? હવે આપણે બંનેએ હું રાજા અને તું કઠિયારો એવો ભેદભાવ મૂકી દઈને. ભગવાનના ચરણે જવું જોઈએ.'' આવી રીતે વાતચીત કરીને તે બંને જણાએ ભગવાનની વિશુદ્ધ ભાવથી સ્તુતિ કરવા માંડ્યા અને દયાળુ પરમાત્માએ સંતુષ્ટ થઈને તેઓને સુબુદ્ધિ સૂઝાડી અને બીજે દિવસે વિષયસુખ ભોગવવાની ઈછાથી કામાંધ થઈને નિષ્કાળજીથી જે જંગલી પ્રાણી જેવું તે ગુફામાં દાખલ થયું કે તરત જ રાજા અને કઠિયરો બંને જે ગુફાના બારણાની પાછળ સંતાઈ રહ્યા હતા તે છુપી રીતે ધ્યાન ચૂકવી બહાર નીકળી પડ્યા અને તે ગુફાનાં મજબૂત બારણા બહારથી ઘણી મુશ્કેલી અને બળથી બંધ કરી નાસી ગયા આ રીતે બળપૂર્વક યુક્તિ કરીને તેઓ સંકટમાંથી મુક્ત થયા.


હે શિષ્ય! ઈશ્વરરૂપ રાજા અને જીવરૂપ કઠિયારો બંને જેમ એક ગુફામાં પુરાયાથી અને પેતાની ઉપાધિ (રાજાની ચક્રવર્તી રાજ્ય અને કઠિયારાની ઉપાધિ તેની વહાલી કુહાડી) રૂપ રાજ્ય તથા કુહાડી. જ્યાંનાં ત્યાં પડ્યા રહેવાથી બંને સમાન દશામાં આવી પડ્યા હતા. અને જ્યારે તે બંનેએ એક મન કરી જગત નિયંતા પરમાત્માની સ્તુતિ કરી તેને શરણે ગયા ત્યારે જ મુક્ત થયા હતા. કારણ કે તેની આગળતો બંને સમાન જ છે. ઉચ્ચ કે નીચ નથી. રાજા કે રાંક નથી. બ્રાહ્મણ કે ચાડાળ નથી. પરમાત્મા સન્મુખ સર્વ સમાન છે. ઈશ્વરની અને જીવની ઉપાધિઓ મટી જવાથી તે બને સમાન છે, માટે જીવ અલ્પયજ્ઞ-કિંચિત માત્ર જાણનાર જીવ અને સર્વજ્ઞ સર્વ જગતને જાણનાર  ઈશ્વર એ બંનેની ઉપાધિથી રહિત એવું બ્રહ્મરૂપ છે. ત્યાં બેઉ સમાન છે. એજ રૂપ જ્ઞાન થવા પછી જ્ઞાનીનું બ્રહ્મરૂપ બને છે. એમ સમજવું જોઈએ.... અસ્તુ. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ચમારડી, તા. વલ્લભીપુર, સ્વ. ઉપેન્દ્રસિંહ કુવરસિંહ ગોહિલ (ઉ.વ.૫૪) સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૦ ને શુક્રવાર  તા. ૩-૫-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- **તા. ૨૭-૫-૨૦૨૪ થી ૨-૬-૨૦૨૪ સુધી બાળ સંસ્કાર શિબિર ચાણોદ ધામમાં પૂરી થયા બાદ પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીના દર્શન કરવા જતા પહેલા પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો ફોન પર સંપર્ક કરીને જવું.**
- **વિદેશયાત્રા : પરમ પૂજ્ય માધવ પિઠાધિશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તા. ૧૫-૬-૨૦૨૪ થી તા. ૨૦-૬-૨૦૨૪ ના ગાળામાં જે તે તારીખમાં ટીકીટ થાય તે દરમિયાન વિદેશ લંડન ધર્મ પ્રચારાર્થે પ્રસ્થાન કરશે.**

**લંડનનો સંપર્ક નં. : 00 44 77 34 33 59 28 છે અને પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો ઈંડિયાનો ચાલુ નંબર છે તેના પર વોટ્સઅપ થી વાત થશે. : 98 79 72 57 57**

## સુવાક્યો

(૧) દરેક દિવસ નવો છે. દરેક રાત નિરાલી છે. ''મા-બાપ''નો પ્રેમ પામીએ તો દરરોજ દિવાળી છે.

(૨) યાદ રાખજો મા-બાપને પારકાના ત્રાસ કરતાં દિકરાઓના ત્રાસ વધુ પીડા આપે છે.

(૩) 'મા' થી જગતમાં કોઈ બીજું મોટું નથી. 'માં' એટલી બધી મોટી કે 'મા' ની માને પણ નાની 'માં' કહેવાય છે. મોટી 'માં' નહીં.

(૪) ઈશ્વર તો એક કલ્પના છે. જ્યારે મા-બાપ એ તો એક હકીકત છે. ઈશ્વર તો નિરાકાર છે. જ્યારે માં-બાપ સાકાર છે અને ઈશ્વર એ આપણી શ્રદ્ધા છે. તો મા-બાપ સાક્ષાત્કાર છે.

(૫) એક કરોળિયો પેટ સુધી પહોચાડવા ઈશ્વરે કેવી અદ્ભુત રચના કરી છે. ગરમ હોય તો હાથ કહી દે છે. કઠણ હોય તો દાંત કહી દે છે. કડવુ હોય તો જીભ કહી દે છે. વાસી હોય તો નાક કહી દે છે. બસ ખાલી હક્કનુ છે કે હરામનું એ આપણે નક્કી કરવાનું છે.

(૬) તમારી બેન ના ત્યાં રૂડો અવસર હોય, તો એ સમય સાચવી લેજો .... સાહેબ.....
તમારી પાસે ભલે કઈ ના હોય પણ ત્યાં એની સાસરીયામાં હાજરી આપજો.... કેમ કે એ દિકરીને એના મા-બાપ પછી એનો ભાઈ જ બધુ હોય છે.
એટલે એ રૂડો અવસર સાચવી લેજો હજારો મહેમાન હોય ત્યાં પણ એ દિકરી એના ભાઈની જ રાહ જોવે છે.

Website - https://sachchidanandmadhavanand.org/

whatsapp ગ્રુપમાં જોડાવા માટે મોબાઈલ નંબર પર hi **મોકલો** - 7096802813

Youtube channel - Sachchidanand madhavanand દરેક કથાઓ તથા કાર્યક્રમો ઓનલાઇન/ઓફલાઈન નિહાળવા માટે ચેનલ સબસ્ક્રાઇબ કરો



સૌજન્ય

**સ્વ. બાલાભાઈ કાનજીભાઈ સવાણીના સ્મરણાર્થે**

ગં.સ્વ. ગંગાબેન બાલાભાઈ સવાણી

શ્રી દામજીભાઈ બાલાભાઈ સવાણી ● અ.સૌ. મધુબેન દામજીભાઈ સવાણી

શ્રી પલાશભાઈ દામજીભાઈ સવાણી ● અ.સૌ. મનિષાબેન પલાશભાઈ સવાણી

શ્રી ભાવેશભાઈ દામજીભાઈ સવાણી ● અ.સૌ. અસ્મિતાબેન ભાવેશભાઈ સવાણી

કું. શીતલબેન દામજીભાઈ સવાણી ■ ગામ નાના સુરકા (હાલ : સુરત)

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2025
POSTRAL REGI. NO. SRT-771/2023-25
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book




BOOK POST

If Not Delivered Please Return To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-